પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૬/૨૦૨૬, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ વદ-૨ વર્ષ : ૧૭ અંક : ૧૪૪


**સુવિચાર**

''મિત્ર, પુસ્તક, રસ્તો અને વિચાર જો ખોટાં હોય તો ગુમરાહ કરે છે ને સાચા હોય તો ન્યાલ કરે છે.''

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭




## ૧૯ ઓકટોબર ૨૦૨૫ માં કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા તો કયારની પૂર્ણ થઈ છે

# અમરેલીનાં ચિતલ માર્ગનું કાર્ય કયારે પૂર્ણ થશે ! રામ જાણે

**ચિતલ રોડનાં કામની ગતિ નિહાળીને ગોકળગાયને પણ હવે તો શરમ આવી રહી છે**

**જે ગતિએ કામ ચાલી રહ્યું છે તે જોતા ૧૯ ઓક્ટોબર ૨૦૨૬ સુધી કામગીરી પૂર્ણ થાય તેવું લાગતું નથી**

**ઉચ્ચ અધિકારીઓ વાતાનુકુલિન કચેરીમાંથી બહાર આવીને તપાસ કરે તો કાર્ય આગળ વધે**

**જનતા જનાર્દનનાં કરોડો રૂપિયાનાં ખર્ચે બનતા માર્ગમાં ઠેકઠેકાણે તિરાડ પણ પડી છે**







અમરેલી, તા. ૧

અમરેલીનાં રાજમાર્ગ ગણાતાં સરદાર સર્કલથી લઈને ઠેબી જળાશયસુધીનાંરકિ.મી.નાંમાર્ગનુંકાર્ય છેલ્લા ૮ થી ૯ મહિનાથી જનતા જનાર્દનનાંપરસેવાનાંપૈસા૮કરોડ૨૦ લાખથી શરૂ તો થયું અને કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ૧૯ઓકટોબર ૨૦૨૫સુધીનીહતીઅનેહજુકયારેકામ પૂર્ણથશેતેનીકોઈનેખબરનથી.

દક્ષિણગુજરાતનીબાંધકામ એજન્સી ધ્વારા જયારથી કામ શરૂ થયું ત્યારથી, નિયમોનો ઉલાળીયો જ થતો રહ્યો છે. શરૂઆતમાં નિયમ મુજબ જનતાની જાણકારી માટે માર્ગ અંગેની જાહેર વિગતો દર્શાવવામાં ન આવી બાદમાં ''અમરેલી એકસપ્રેસ''નાં અહેવાલબાદજાહેરજનતાનીજાણકારી માટેબોર્ડતોલગાવાયુંપણકોઈનેનજરે ચડેનહીતેરીતેલગાવાયું.

બાદમાંસુરક્ષાનાંનિયમોનો ઉલાળીયો કરીને આડેધડ માર્ગની કામગીરીશરૂ કરાઈ, જેસ્થળેહયાત

અનુસંધાન પાના ૬ ઉપર

### કાળઝાળ મોંઘવારી વચ્ચે તસ્કરો બેકાબુ થયા

## અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ઘરફોડ અને સીમ ચોરીનાં 3 બનાવો નોંધાયા

**સ્થાનિક પોલીસે તસ્કરોને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ઘરફોડ ચોરી તથા સીમ ચોરીના મળી કુલ અલગ અલગ ત્રણ બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે.

ધારી તાલુકાના વીરપુર ગામે રહેતા અતુલભાઈ ધીરૂભાઈ ચોડવડીયા નામના ૪૦ વર્ષીય ખેડુતના રહેણાંક મકાનમાં ગત તા. ૨૯ના રોજ સાડા પાંચેક વાગ્યાથી રાતના નવેક વાગ્યા દરમિયાન વીરપુર ગામે કોઈ અજાણ્યા ચોર ઈસમે ડેલીની દિવાલ ટપી મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી ખેડૂતના મકાનના રૂમનો દરવાજો ખોલી તેમના કપડા રાખવાની સુટકેશમાં રાખેલ આશરે રોકડ રકમ રૂા. ૨૦,૦૦૦ તેમજ બીજાના ઘરેથી રોકડ રકમ રૂા. ૬૦૦૦ તથા અન્ય એકના ઘરેથી સોનાની બુટીનુ પાન તેમજ સોનાની વીંટી જે બન્ને મળી કિંમત રૂપિયા ૧૫,૦૦૦ જેટલી તથા રોકડ રકમ રૂા. ૩૫,૦૦૦ની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બીજા બનાવમાં અમરેલીના સાવરકુંડલા રોડ ઉપર આવેલ ગજેરાપરા વિસ્તાર રહેતા ભરતભાઈ છગનભાઈ ધાનાણી નામના ૪૨ વર્ષીય ખેડુત તથા અન્યની અમરેલીના ચક્કરગઢ રોડ, પાણાખાણ નામવાળી સીમમાં, રાધેશ્યામ મીલની પાછળ આવેલ વાડીએ દારમાં મુકેલ સબમર્શીબલ મોટરની સાથેનો દારની

અનુસંધાન પાના ૬ ઉપર




### એક મહિનામાં ૨ બાળકોનો ભોગ રખડુ શ્વાને લીધો

## વડિયાનાં ખાન ખીજડીયા ગામે માનવભક્ષી શ્વાને માસુમ બાળકનો ભોગ લીધો

**માનવભક્ષી શ્વાનને હવે પાંજરે પૂરશો કે હજુ કોઈના જીવની રાહ છે ???**

વડિયા, તા. ૧

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયાના ખાન ખીજડીયા ગામે ફરી ।નોનો આતંક સામે આવતો જોવા મળ્યો છે. અને એક બાળકનો ફરી ભોગ લેવાયો છે. જાણવા મળતી વિગતો મુજબ ખાન ખીજડીયા ગામના વાડી વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી રખડતા સ્વાનને જાણે માનવ માસ મગજમાં ખુંચી ગયુ હોય તેમ ખેત મજુરના બાળકોને એક પછી એક શિકાર બનાવતા જાય છે. એક મહિનામાં ચોથી ઘટના સામે

અનુસંધાન પાના ૬ ઉપર

### ઉત્તરપ્રદેશના ઈસમે મોકલેલ એ.પી.કે. ફાઈલ ખોલતા

## વડિયાનાં દેવળકી ગામનાં ખેડૂતનાં ખાતામાંથી રૂપિયા ૯૬ હજાર ઉપડી ગયા

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લામાં વધુ એક ખેડૂતે એ.પી.કે. ફાઈલ ખોલતા જ આરોપીએ ખેડૂતની મંજુરી વગર આરોપીએ તેમના મોબાઈલ ફોનનું એકસેસ મેળવી લઈ અને ખેડૂતના બેંક ઓફ બોરડાના એકાઉન્ટ સાથે લીંક ગુગલ પે એપ્લીકેશનના યુ.પી.આઈ. પીનનો ઉપયોગ કરી અને આરોપીએ પોતાના એસ.બી.આઈ.નાં બેંક એકાઉન્માં તા.

અનુસંધાન પાના ૬ ઉપર












## ગામની સુરક્ષા માટે રાખેલ ૩ કર્મચારીઓને છુટા કરી દેવાતા

# રાજુલાનાં રામપરા–ર ગામોમાં સિંહોનાં વસવાટથી ફફડાટ

**ગામ નજીક આવેલ કંપનીની ખુલ્લી જમીનમાં ૮થી ૧૦ સિંહોએ કાયમી વસવાટ કર્યો**

**રાત્રિનાં સમયે સિંહો ગામમાં ઘુસીને પશુઓનો અવારનવાર શિકાર કરી રહ્યા છે**

**અવારનવાર વન વિભાગને રજૂઆત કરવા છતાં પરિણામ શુન્ય**

**ગામનાં સરપંચ એસ.એસ. વાઘે વનમંત્રી અર્જુન મોઢવાડીયાને પત્ર પાઠવી વ્યથા વર્ણવી**







અમરેલી, તા. ૧

રાજુલાનાં રામપરા–ર ગામના સરપંચ એસ.એસ. વાઘે રાજયનાં વનમંત્રી અર્જુન મોઢવાડીયાને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા તાલુકાનાં રામપરા–ર ગામની અંદર છેલ્લા ર૦ દિવસથી ૭ થી ૮ સિંહોના ટોળા ગામની અંદર આવી ગામમાં રહેતા લોકોની ગાયો, ભેંસોના મારણ કરેલ છે તો અગાઉ ગામની અંદર ફોરેસ્ટ વિભાગ ધ્વારા ૩ ગ્રામ સેવક તરીકે માણસો રાખવામાં આવ્યા હતા તો તેના લીધે ગામની અંદર સિંહો આવી શકતા નહોતા અને આવે તો તેની ખબર રહેતી. એટલે ગામ લોકોને તેની અગાઉ જાણ થઈ જતી હતી. આલ આ ગ્રામ સેવકોને છેલ્લા ર૦ દિવસથી છુટા કરી દીધા છે, તો તેના કારણે ગામમાં સિંહો આવી જાય છે અને ગામની અંદર ગાયો, ભેંસોનાં મારણ કરી જાય છે તેમજ ગામ લોકોના ઘરોની દિવાલ ઠેકીને ઘરોની અંદર પણ મારણ કરી જાય છે. તો આ બાબતે વારંવાર રજૂઆત કરવા છતાં પણ કોઈ ફોરેસ્ટ વિભાગ ધ્વારા પગલા લેવામાં આવ્યા નથી. તેમજ ગામની અંદર કંપનીની જમીનો પડી છે તેમાં સિંહો વસવાટ કરી રહ્યા છે અને રાત્રિનાં સમયમાં સિંહ ગામની અંદર આવી જાય છે અને આવુ થવાથી ગામમાં રહેવું મુશ્કેલ છે. તો ગામમાં રહેતા લોકોને કોઈ જાનહાની થશે તો જવાબદારી ફોરેસ્ટ વિભાગની રહેશે એટલે એવું ન થાય તો ફોરેસ્ટ વિભાગ ધ્વારા છુટા કરેલ ૩ ગ્રામ સેવકોને પાછાળ લઈ લેવા અને આવું ન થાય તેના માટે યોગ્ય નિર્ણય કરવા માંગ કરેલ છે.

---

## પ્રિ–મોન્સુન કામગીરી કરવી જરૂરી બની

# જાફરાબાદ ખાતે કમોસમી વરસાદનાં ઝાપટાથી મચ્છી માર્કેટમાં પાણી ભરાયા

**પાલિકાનાં શાસકોએ પાણીનાં નિકાલની વ્યવસ્થા કરવી જોઈએ**

અમરેલી, તા. ૧

જાફરાબાદ તા. ૩૧/૫/૨૬ના રોજ વહેલી સવારે વરસાદની એન્ટ્રી થઈ હતી ર૦ મીની સુધી વરસેલા વરસાદે નગરપાલિકાની વિકાસ ગાથાની પોલ ખોલી નાખી હતી બસ સ્ટેશનના મેન ગેટ પાસે જ મસમોટા તણાવનું નિર્માણ થયું અહીં બનેલો આરસીસી રોડની એક ઝલક જોવા મળી હતી આ પાણીનું તણાવ ભરાતા મુસાફરો આ તણાવના પાણીમાંથી પસાર થતા પાલિકાના વિકાસની ખુશી વ્યકત કરી હતી તો બીજી બાજુ મચ્છી માર્કેટની અંદરનો નજારો જોતા અને વહેલી સવારે મહિલાઓ આ માર્કેટમાં ખરીદી માટે આવતા અને આ વરસાદી પાણી ભરાઈ જતાં તે પાણી દુર્ગંધ મારતું હોવા છતાં ના છુટકે ચાલવા મજબુર પરંતુ આ મચ્છી માર્કેટમાં પ્રથમ વરસાદ પડતાંની સાથે પાણીના તણાવો ભરાઈ જતાં પાથરણાવાળાની મુશ્કેલી વધી કારણકે જયાં વરસાદી પાણી ભરાતા પોતાની રોજીરોટી પણ પાણી ફરી વળ્યા જયાં બેઠી પોતાનો ધંધો ચલાવતા ત્યાં જ વરસાદી પાણી ભરાઈ જતાં લારીઓમાં સામાન હોવા છતાં ગ્રાહકો આ વરસાદી પાણીના કારણે આવતા



ન હોવાથી પાલિકા સામે રોષ ભભુકી ઉઠયો હતો પ્રથમ વરસાદના ઝાપટાએ પાલિકાની પ્રિ– મોન્સુન કામગીરીની લોલમલોલની પોલ ખોલી નાખી હતી મચ્છી માર્કેટમાં પ્રથમ વરસાદી પાણી ભરાઈ જતા કાદવ કીચડના કારણે લપસીને ન પડી જવાય તે માટે અમુક પાથરણાવાળા લારી નાખી પોતાનો વેપાર હલાવતા લોકો દ્વારા પોતાના હાથમાં પાવડા લઈને પાણી બહાર કાઢવા ના પ્રયાસો કરવા આવ્યા હતા પરંતુ જેની જવાબદારી છે. તે પાલિકાના કોઈ કર્મચારી ડોકાવા પણ આવ્યા નથી આ વિકાસની પ્રથમ વરસાદી ઝાપટાએ પાલિકાની કામગીરીની લોલમલોલ પોલ ખોલી નાખી હતી આ વરસાદી પાણી ભરાઈ જતાં પાથરણાવાળા લારી ધરાવતા વેપારીઓ દ્વારા પાલિકા સામે આક્રોશ વ્યકત કર્યો હતો અને પાલિકા દ્વારા ઠેકઠેકાણે દોરેલા સ્વચ્છતાના ચિત્રો જેવી કામગીરી હાથ ધરવા આવશે..? કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે મચ્છી માર્કેટમાં પોતાનો વેપાર ચલાવતા પાથરણા વાળા ધારકો લારી ધરાવતા વેપારીઓ અને રાહદારીઓમાંથી માંગ ઉઠી છે કે આ પ્રથમ વરસાદમાં ભરાઈ ગયા હોય તો ચોમાસા દરમિયાન કેવી હાલત થઈ જશે આના કારણે અમારા રોજગાર ધંધા મોટી અસર પડે તે પહેલા પાલિકા દ્વારા જયાં જયાં વરસાદી પાણી ભરાઈ જતા હોય ત્યાં ત્યાં પાણીના નિકાલ માટેની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ પાથરણાવાળા લારીધરોકોમાંથી માંગ ઉઠી છે.

---

## ડો. નિકુંજ ભેંસાણીયાનાં માર્ગદર્શન હેઠળ ડો. ગૌતમ ભરડા અને તેની ટીમ દ્વારા

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે આંતરડામાં ગંભીર અવરોધ જેવી દુર્લભ બીમારીની સફળ અને નિઃશુલ્ક સારવાર કરાઈ

**ધારી વિસ્તારનાં ર૦ વર્ષિય યુવક ઉદયભાઈ સાકરીયા પૂનઃ સ્વસ્થ થયા**


અમરેલી, તા. ૧

ધારી તાલુકાના ર૦ વર્ષીય યુવાન ઉદયભાઈ સાકરિયાને ર દિવસથી પેટમાં અસહ્ય દુખાવાની તકલીફ હોવાથી તેઓ સારવાર માટે શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે આવ્યા હતા. સર્જરી વિભાગના નિષ્ણાંત સર્જન ડોકટર દ્વારા દર્દીની વિગતવાર તપાસ અને સીટી સ્કેન કરવામાં આવતા તેમને Acute Intestinal Obstruction (આંતરડામાં ગંભીર અવરોધ) હોવાનું નિદાન થયું. વધુ તપાસ દરમ્યાન આ અવરોધનું કારણ Meckel's Diverticulum હોવાનું જાણવા મળ્યું.

Meckel's Diverticulum એ નાના આંતરડામાં જન્મજાત રીતે રીતે બનેલી એક કોથળી (Diverticulum) છે, જે કેટલીકવાર આંતરડામાં બ્લોકેજ, રકતસ્ત્રાવ અથવા અન્ય ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે. Meckel's Diverticulum એક દુર્લભ જન્મજાત સ્થિતિ છે, જે આશરે ર% લોકોમાં જોવા મળે છે. સામાન્ય રીતે આ કોથળી લગભગ ર ઈંચ (પ સેમી) લાંબી હોય છે. અને ઈલિઓસિકલ વાલ્વથી લગભગ ર ફૂટ (૬૦ સેમી) દુર આવેલી હોય છે. આ બીમારીના લક્ષણો પુરૂષોમાં સ્ત્રીઓની તુલનામાં લગભગ બે ગણા વધુ જોવા મળે છે.

આ સમસ્યાની સારવાર માટે દર્દીની Exploratory Laparotomy સર્જરી કરવામાં આવેલ હતી. ઓપરેશન દરમિયાન Meckel's Diverticulum ધરાવતા નાના આંતરડાના અસરગ્રસ્ત ભાગને દુર કરવામાં આવ્યો અને નાના આંતરડાના બંને છેડાઓને આધુનિક Surgical Stapler Technique દ્વારા સફળતાપૂર્વક ફરીથી જોડવામાં આવ્યા. આ પધ્ધતિથી દર્દીને ઝડપથી સાજા થવામાં મદદ મળે છે અને ઓપરેશન બાદની જટિલતાઓનું પ્રમાણ પણ ઓછું રહે છે. સર્જરી બાદ દર્દીનું પેટ ત્રીજા દિવસે સફળતાપૂર્વક સાફ થયું હતું અને તેમની તબિયતમાં સુધારો થતા પાંચમા દિવસે તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

આ સફળ સર્જરી શાંતાબા જનરલ હોસ્પિટલના સર્જરી વિભાગના ડો. નિકુંજ ભેસાણીયાના માર્ગદર્શન





હેઠળ ડો. ગૌતમ ભરડા તથા એનેસ્થેસિયા વિભાગની ટીમ સહયોગથી કરવામાં આવી હતી. દર્દીની સમગ્ર સારવાર સંપૂર્ણપણે નિઃશુલ્ક કરવામાં આવી હતી.

આવી અતિ દુર્લભ અને ખર્ચાળ સારવાર નિઃશુલ્ક અને ઉચ્ચ ગુણવત્તા સાથે ઉપલબ્ધ કરાવવા બદલ દર્દીઅનેતેમના પરિવારજનોએશાંતાબા જનરલહોસ્પિટલ, હોસ્પિટલના ડોકટરો તથા ગજેરા ટ્રસ્ટ પ્રત્યે હદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

---

## મહિલા નગરસેવક દ્વારા રજુઆત કરાઈ

# અમરેલી પાલિકામાં આધાર કેન્દ્ર અને આયુષ્યમાન કાર્ડનું કેન્દ્ર શરૂ કરો

**જનતાજનાર્દનનાં હિતમાં નિર્ણય કરવો જરૂરી**

અમરેલી, તા. ૧

અમરેલીની આમ જનતાની પાયાની પ્રાથમિક જરૂરિયાતો અમરેલી નગર પાલિકા દ્વારા પૂરી પાડવામાં આવે છે ત્યારે હાલ ગરીબ અને અભણ જનતાને આધાર કાર્ડ માટે એક માત્ર જનસેવા કેન્દ્ર ઉપર આધાર રાખવો પડે છે ત્યાં પણ ટોકન સિસ્ટમ હોવાથી ઘણા અરજદારોને ધરમના ધક્કા ખાવાનો વખત આવે છે તેથી સરકાર દ્વારા એક આધાર કેન્દ્ર અને આયુષ્યમાંન કાર્ડ કેન્દ્ર અમરેલી પાલિકા કચેરીમાં શરૂ કરવા પાલિકાના મહિલા સદસ્ય દ્વારા માંગણી કરવામાં આવેલ હતી.

પ્રાપ્ત વિગત મુજબ સરકારની તમામ યોજનાઓમાં આધારકાર્ડ ફરજિયાત કરવામાં આવેલ છે આધાર કાર્ડમાં સામાન્ય ભૂલ પણ જે તે યોજનામાં સબમિટ થયું હતું નથી આવા ભૂલ ભરેલા તેમજ નવા આધારકાર્ડ કઢાવવા માટે અમરેલી કલેકટર કચેરીના જનસેવા કેન્દ્રમાં સવારથી કતારો લાગે છે કતારોમાં કારણે આધારકેન્દ્ર ની જવાબદાર એજન્સી દ્વારા મર્યાદિત ટોકન આપવામાં આવતા હોય છે ટોકન સંખ્યા બાદ વધારાના અરજદારોને ધરમના ધક્કા ખાવાનો વખત આવે છે.

અરજદારોને ધરમના ધક્કા ખાવા માંથી છુટકારો મળી શકે અને સરકારની સુવિધાનો લાભ સહેલાઈ થી મળી રહે તેવા હેતુસર અમરેલી પાલિકાના મહિલા સદસ્ય કલગીબેન ચિરાગભાઈ ત્રિવેદી દ્વારા અમરેલી પાલિકા કચેરીમાં એક આધાર સિસ્ટમ અને આયુષ્યમાંન કેન્દ્ર શરૂ કરવા રજૂઆત કરવામાં આવેલ હતી ગ્રામ્ય પંથકની અભણ જનતા આધાર અપડેટ કરાવવા મુશ્કેલીમાં સપડાય રહેલ છે ત્યારે અમરેલી શહેરમાં વધુ એક આધાર કેન્દ્ર શરૂ કરવામાં આવેતો આમ જનતાની હાલાકી હળવી થઈ શકે.


આપણો સમાજ
એજયુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS/BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100%
સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧



શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1
S.Y.B.Com. SEMESTER-3
T.Y.B.Com. SEMESTER-5
M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી

### ભાજપ પ્રમુખ રાખોલીયાની માંગ

# ગીરગઢડા ખાતે સાર્વજનિક લાયબ્રેરીની સુવિધા આપો

### ગૃહ રાજયમંત્રીને પત્ર પાઠવ્યો

ગીરગઢડા, તા. ૧

ગીર ગઢડા તાલુકામાં જાહેર (પબ્લિક) લાઈબ્રેરીની સ્થાપના કરવા માટે ગીર ગઢડા તાલુકા ભાજપ પ્રમુખ ધર્મેશ રાખોલીયા દ્વારા ગુજરાતના ગૃહ રાજયમંત્રી હર્ષભાઈ સંઘવીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા યુવાનો તેમજ વરિષ્ઠ નાગરિકોના હિતને ધ્યાનમાં રાખીને આ મહત્વપૂર્ણ માંગ ઉઠાવવામાં આવી છે.



પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે ગીર ગઢડા તાલુકામાં સરકારી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતા વિદ્યાર્થીઓ માટે અભ્યાસ અને વાંચનની પૂરતી સુવિધાઓ ઉપલબ્ધ નથી. જેના કારણે અનેક વિદ્યાર્થીઓને અન્ય શહેરોમાં જઈ અભ્યાસ કરવો પડે છે. જો તાલુકામાં જાહેર લાયબ્રેરી શરૂ કરવામાં આવે તો વિદ્યાર્થીઓને પુસ્તકો, સંદર્ભ સામગ્રી અને શાંત વાતાવરણમાં અભ્યાસ કરવાની સુવિધા મળી રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે જાહેર લાયબ્રેરી માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં પરંતુ યુવાનો, સંશોધકો અને વરિષ્ઠ નાગરિકો માટે પણ જ્ઞાન અને વાંચનનું મહત્વપૂર્ણ કેન્દ્ર બની શકે છે. લાયબ્રેરીથી વાંચન સંસ્કૃતિનો વિકાસ થશે અને શિક્ષણ ક્ષેત્રે નવી તકો ઊભી થશે.

ગીર ગઢડા તાલુકાના સર્વાંગી શૈક્ષણિક વિકાસને પ્રયાનમાં રાખી ગ્રંથાલય વિભાગ દ્વારા જાહેર લાયબ્રેરી મંજૂર કરવામાં આવે તેવી માંગ સાથે ગૃહ રાજયમંત્રીને તાત્કાલિક હકારાત્મક નિર્ણય લેવા અપીલ કરવામાં આવી છે.

### કરોડો રૂપિયાનાં ખર્ચે તૈયાર થયેલ બસપોર્ટની હાલત જોવા જેવી

# અમરેલીમાં નવા બનેલ બસપોર્ટમાં મસમોટા ખાડામાં એસ.ટી. બસ ફસાતા મહામુસીબતે બહાર કઢાઈ

### દોઢથી બે કલાકની જહેમત બાદ બસને બહાર કઢાઈ



અમરેલી, તા. ૧

અમરેલીમાં જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી બસપોર્ટ તો બનાવાયુ પરંતુ, સુરક્ષા, શાંતિ, સ્વચ્છતાને લઈને અવારનવાર ફરિયાદ ઉભી થતી હોય છે. દરમિયાનમાં આજે અમરેલી–જુનાગઢ રૂટની મુસાફર ભરેલ એસ.ટી. બસ પોર્ટમાં પડેલ ખાડામાં ફસાઈ જતાં દોઢથી બે કલાકની જહેમત બાદ ક્રેઈનની મદદથી બસને બહાર કાઢવામાં આવ્યા બાદ બસ રવાનાં થતાં મુસાફરો અકળાઈ ઉઠયા હતા.

### પાલિકાનાં ચીફ ઓફિસર દ્વારા જાહેર ચેતવણી અપાઈ

# અમરેલી શહેરમાં આવેલ ભયજનક અને જર્જરિત મકાનોને તાકીદે હટાવી લેવા તાકીદ

### અન્યથા મિલ્કત ધારક સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરાશે

અમરેલી, તા. ૧

ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની જોગવાઈઓ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવેછે કે, અમરેલી શહેર હદ વિસ્તારમાં આવેલ તમામ સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ તથા અન્ય તમામ કવાર્ટસ તથા મકાન/ઈમારતમાં રહેતા કે ઉપયોગ કરતા કે હિત ધરાવતા તમામ વ્યકિતઓ/સમૂહને જાહેર ચેતવણી/નોટીસ આપવામાં આવે છે કે, તેઓએ પોતાના મકાનનો ભયજનક/જર્જરિત ભાગ તાકીદે ઉતારી લઈ બાકીના ભાગને સુરક્ષિત કરવાની કાર્યવાહી કાયદાને આધીન કરવાની રહે છે. અન્યથા મકાન કે તેનો ભયજનક/જર્જરીત ભાગ પડી જવાથી તે મિલ્કત કે આસપાસની મિલ્કતને કે જાનમાલને નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી આવા મકાન/ઈમારતનાં માલિક, કબ્જેદારો, હિત ધરાવતા તમામ વ્યકિતઓની રહેશે, જેની ગંભીર નોંધ તમામે લેવી. આવા ભયજનક/જર્જરીત મકાનોમાં કોઈપણ વ્યકિતએ પ્રવેશ કરવો નહિ તેમજ વસવાટ કે અન્ય કોઈ ઉપયોગ કરવો નહી તેમજ આવા ભયજનક જણાતાં મકાનની આસપાસ અવર–જવર કરવી નહિ તથા આજુબાજુના મકાન ઉપયોગ કર્તાઓએ સાવચેતીના ભાગરૂપે પુરતી કાળજી રાખવી. અમરેલી નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમની જોગવાઈઓને આધીન અગાઉ નોટીસ આપેલ છે, છતાં ઉપરોકત બાબતે જવાબદાર વ્યકિતઓ ધ્વારા ભયજનક મકાન કે તેનો જર્જરીત ભાગ ઉતારવા કોઈ કાર્યવાહી કરેલ નથી/કરાવતા નથી, જેથી સંબંધિત હિત ધરાવનાર તમામ કબ્જેદારોને અપાયેલી નોટીસ અન્વયેની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવા સદર નોટીસથી તાકીદ કરવામાં આવે છે. અન્યથા અમરેલી નગરપાલિકા ધ્વારા આવી ભયજનક/જર્જરિત ઈમારતો ખાલી કરાવવા/ઉતરાવવા બાબતે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ ચીફ ઓફિસરની યાદીમાં જણાવાયું છે.

### જીયો હોટસ્ટાર નામની એપનો ઉપયોગ કરી

# ખાંભાનાં ડેડાણ ગામે ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતાં ૯ વ્યકિતઓ સામે કાર્યવાહી

### ૧ વ્યકિતની અટકાયત અન્ય ૮ની તપાસ શરૂ

અમરેલી, તા. ૧

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા ભરતભાઈ બાબુભાઈ ગોહિલ, હરેશભાઈ માવજીભાઈ મકવાણા, મગનભાઈ ધીરૂભાઈ મકવાણા, રાહુલ ઉર્ફે નાણ કાળુભાઈ મકવાણા, રાજુભાઈ હુસેનભાઈ ખોખર, રમેશભાઈ મગનભાઈ મકવાણા, હિતેશભાઈ છનાભાઈ ડાભી, અર્જુનભાઈ મગનભાઈ ચૌહાણ તથા મહેશભાઈ દેવાભાઈ ગોહિલ નામના નવેય ઈસમો ગત તા.૩૧ સાંજના ૭/૪૫ થી ૮/૧૫ પાસે દરમિયાન ડેડાણ ગામે બાપાસીતારામ ચોકડી પાસે આઈ.પી.એલ. ક્રિકેટની રોયલ ચેલેન્જર બેંગલોર તથા ગુજરાત ટાઈટન્સ વચ્ચે રમાઈ રહેલ ફાઈનલ મેચનો પોતાના આર્થિક ફાયદા સારૂ આરોપી ભરતભાઈ ગોહિલએ પોતાના A3*5G ફોનમાં JioHotstar નામની એપમા મેચ સ્કોર જોઈ એક કાગળમા લખી અને બાકી આરોપીઓના નામ સામે આંકડાઓ લખી પૈસા વડે જાહેરમાં હારજીતનો ક્રિકેટ જુગાર રમી રમાડી આરોપી ભરતભાઈ રોકડા રૂપિયા ૯૯૦ તથા મોબાઈલ નંગ–૧ રૂપિયા ૫૦૦૦ તથા એક કાગળની આંકડાઓ લખેલ ચીટ્ઠી સાથે કુલ રૂપિયા ૫૯૯૦ના મુદ્દામાલ સાથે પકડાઈ જઈ તથા બાકીના આઠ આરોપીઓ હાજર નહી મળી આવતા તમામ આરોપીની પોલીસે શોધખોળ આદરી છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા–વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦




લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન સીસીટીવી
રેન્ટલ સર્વિસ | ઉપલબ્ધ સુવિધાઓ | સેલ્સ & સર્વિસ
પ્રોજેક્ટર + સ્ક્રીન | સર્વેલન્સ સર્વિસીઝ
૫૫'' ટીવી | ઓલ્ડ નેટવર્ક રીનોવેશન
લેપટોપ | ન્યુ નેટવર્ક ડેવલોપમેન્ટ
P.A. (માઇક) સીસ્ટમ | મીડીયા નેટવર્ક
કોર્ડલેસ માઇક સીસ્ટમ | (કેટ-૬ & ફાયબર કેબલ)
માઇક સીસ્ટમ ઇન્સ્ટોલેશન | ડબલ નેટવર્ક લોડ બેલેન્સર
કમલેશ ટાંક (પ્રિસિશન ટેલીકોમ - પ્રોજેક્ટ) 90 812 34 307
શૈલેષ ગોંઢા (સીસીટીવી કન્સલ્ટન્ટ) 90 812 34 308
૧૩૭, ફર્સ્ટ ફલોર, વ્હાઇટ હાઉસ, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે, સ્ટેશન રોડ, અમરેલી - ૩૬૫૬૦૧. (ગુજરાત)
Helpline : 95 86 86 86 49















### કુવૈતી મીડિયાએ હુમલાની કરી પુષ્ટી

# મધ્ય-પૂર્વમાં યુદ્ધના ભણકારાં, કુવૈત પર ઈરાન તરફથી મિસાઈલ-ડ્રોન એટેક

## હુમલાને પગલે સમગ્ર દેશમાં યુદ્ધના સાયરેન વાગી રહ્યા છે, જેના કારણે લોકોમાં ભારે દહેશતનો માહોલ છે અને તેઓ સુરક્ષિત સ્થળો તરફ દોડી રહ્યા છે

કુવૈત, તા.૧

મધ્ય-પૂર્વમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. સોમવારની વહેલી સવારે ઈરાને કુવૈત પર અચાનક મિસાઈલો અને ડ્રોન વડે મોટો હુમલો કરી દીધો છે. આ અણધાર્યા હુમલા બાદ કુવૈતની સુરક્ષા એજન્સીઓએ મોરચો સંભાળી લીધો છે અને જવાબી કાર્યવાહી શરૂ કરી દીધી છે.કુવૈત ન્યૂઝ એજન્સી ના જણાવ્યા અનુસાર, હુમલાને પગલે સમગ્ર દેશમાં યુદ્ધના સાયરેન વાગી રહ્યા છે, જેના કારણે લોકોમાં ભારે દહેશતનો માહોલ છે અને તેઓ સુરક્ષિત સ્થળો તરફ દોડી રહ્યા છે. કુવૈતી સેનાએ પોતાની એર ડિફેન્સ સિસ્ટમને તાત્કાલિક એક્ટિવ કરી દીધી છે, જે દુશ્મન તરફથી આવી રહેલી મિસાઈલો અને ડ્રોનને હવામાં જ તોડી પાડી રહી છે.આ દરમિયાન અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ દ્વારા ઈરાન પર સૈન્ય હુમલા કરવાની પુષ્ટિ કરવામાં આવી છે. સેન્ટકોમના જણાવ્યા અનુસાર, ઈરાને આંતરરાષ્ટ્રીય જળસીમામાં ઉડી રહેલા અમેરિકન MQ-1 ડ્રોનને તોડી પાડ્યું હતું, જેના જવાબમાં અમેરિકાએ 'સેલ્ફ-ડિફેન્સ' (સ્વ-બચાવ) હેઠળ ઈરાન પર મર્યાદિત એરસ્ટ્રાઈક કરી છે. શનિવાર અને રવિવાર દરમિયાન કરાયેલા આ હુમલામાં અમેરિકન ફાઈટર એરક્રાફ્ટે ઈરાનની એર ડિફેન્સ સિસ્ટમ, ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશન અને બે વન-વે એટેક ડ્રોનને નષ્ટ કરી દીધા છે. ઈરાનના ગોરુક વિસ્તાર અને કેશ્મ દ્વીપ પર આવેલા રડાર તેમજ ડ્રોન કમાન્ડ સેન્ટરોને નિશાન બનાવવામાં આવ્યા છે.બીજી તરફ, અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી શાંતિ વાર્તા નિષ્ફળ જતાં ઈઝરાયલે પણ લેબનાનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર હુમલા તીવ્ર કરી દીધા છે. રવિવારે ઈઝરાયલ દ્વારા લેબનાન પર કરાયેલા જોરદાર હુમલામાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ હોવાના અહેવાલ છે. આ તરફ લેબનાનમાં તણાવ ઘટાડવા માટે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ લેબેનોનના રાષ્ટ્રપતિ જોસેફ ઔન અને ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સાથે રાજદ્વારી વાતચીત કરી છે.અમેરિકાએ પ્રસ્તાવ મૂક્યો છે કે, પ્રથમ તબક્કામાં હિઝબુલ્લાહ ઈઝરાયલ પરના તમામ હુમલા બંધ કરે અને તેના બદલામાં ઈઝરાયલ બેરૂતમાં તણાવ વધારવાનું બંધ રાખે. લેબેનોનના રાષ્ટ્રપતિ આ પ્રસ્તાવ માટે તૈયાર હતા, પરંતુ લેબેનોનની સંસદના અધ્યક્ષ નબીહ બેરીએ પહેલા ઈઝરાયલ પર હુમલા રોકવાનું દબાણ ઊભું કર્યુ છે, જેના કારણે રાજદ્વારી ગતિરોધ હજુ યથાવત છે.

### 'ના ના કરતે પ્યાર તુમ્હી સે...' ફેમ

# દિગ્ગજ ગાયિકા સુમન કલ્યાણપુરનું ૮૯ વર્ષની વયે નિધન

## રવિવારે રાત્રે આશરે ૮ વાગ્યે લોખંડવાલા સ્થિત તેમના ઘરે ખૂબ જ શાંતિપૂર્ણ રીતે તેમનું નિધન થયુ

નવી દિલ્હી, તા.૧

બોલિવૂડ અને સંગીત જગતમાંથી એક ખૂબ જ દુખદ સમાચાર સામે આવ્યા છે. ૧૯૬૦ અને ૭૦ના દાયકામાં પોતાની મધુર આવાજથી લાખો દિલો પર રાજ કરનારા દિગ્ગજ પાર્શ્વ ગાયિકા સુમન કલ્યાણપુરનું રવિવારની સાંજે મુંબઈમાં નિધન થયું છે. ૮૯ વર્ષની વયે તેમણે લોખંડવાલા સ્થિત પોતાના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા. પદ્મ ભૂષણથી સન્માનિત આ મહાન કલાકારના જવાથી સંગીત પ્રેમીઓ અને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં શોકની લહેર દોડી ગઈ છે.સુમન કલ્યાણપુરની મરાઠી જીવનચરિત્ર 'સુમન સુગંધ' લખનાર અને તેમની નજીકની મિત્ર મંગલા ખાડિલકરે આ દુખદ સમાચારની પુષ્ટિ કરતા જણાવ્યું હતું કે, વધતી જતી ઉંમરને કારણે સ્વાસ્થ્ય સંબંધી અસંખ્ય સમસ્યાઓનો તેઓ સામનો કરી રહ્યા હતા. રવિવારે રાત્રે આશરે ૮ વાગ્યે લોખંડવાલા સ્થિત તેમના ઘરે ખૂબ જ શાંતિપૂર્ણ રીતે તેમનું નિધન થયું હતું. તેમણે વધુમાં ઉમેર્યું કે, સુમનજી પોતાના જીવનના છેલ્લા દિવસોમાં પોતાના જ ગાયેલા જૂના ગીતો ખૂબ જ પ્રેમથી સાંભળતા હતા અને એ જ મધુર યાદો સાથે તેમણે આ દુનિયાને અલવિદા કહી દીધું.લતા મંગેશકરના દોરમાં બનાવી અલગ ઓળખજે સમયગાળામાં સ્વર કોકિલા લતા મંગેશકરનો આખી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર દબદબો હતો, તે કાળમાં સુમન કલ્યાણપુરે પોતાની ઉત્કૃષ્ટ ગાયકી અને મધુર અવાજના જોરે માત્ર એક અલગ ઓળખ જ નહોતી બનાવી, પરંતુ ઈન્ડસ્ટ્રીમાં એક ખાસ સ્થાન પણ હાંસલ કર્યુ હતું. તેમણે 'ના ના કરતે પ્યાર તુમ્હી સે' અને 'તુમને પુકારા ઔર હમ ચલે આયે' જેવા અસંખ્ય સદાબહાર ગીતો હિન્દી સિનેમાને આપ્યા છે.અખંડ ભારતના ઢાકામાં જન્મેલા અને બાદમાં મુંબઈને પોતાનું ઘર બનાવનાર સુમનજીએ માત્ર હિન્દી અને મરાઠી જ નહીં, પરંતુ આસામી, કન્નડ, બંગાળી અને ઓડિયા સહિતની ઘણી પ્રાદેશિક ભાષાઓમાં પણ ગીતો રેકોર્ડ કર્યા હતા. ફિલ્મી ગીતો ઉપરાંત ભક્તિ સંગીત (ભજન), ગઝલ અને ઠુમરીમાં પણ તેમનું પ્રદાન અતુલનીય રહ્યું છે. મરાઠી સંગીતમાં તેમના ગીતો જેમ કે 'કેતકીચ્યા બની તિથે', 'સાંગ કધી કળનાર તુલા' અને 'લિંબોણીચ્યા ઝાડામાગે' આજે પણ પેઢી દર પેઢી એટલા જ લોકપ્રિય છે. સંગીત ક્ષેત્રે તેમના આ જ અમૂલ્ય યોગદાન બદલ ભારત સરકાર દ્વારા તેમને પ્રતિષ્ઠિત 'પદ્મ ભૂષણ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સુમનજી પોતાના પાછળ ૬ દાયકા લાંબી અતુલ્ય સંગીતમય સફર છોડી ગયા છે.

### કરારની નજીક પહોંચ્યાનો ટ્રમ્પનો દાવો

# હિતોનું રક્ષણ થાય તો ડીલ માટે ઈરાન હવે તૈયાર

## યુદ્ધનો અંત લાવવા ઈરાન-યુએસ વચ્ચે અઠવાડિયાઓથી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ કોઈ નિષ્કર્ષ સુધી હજુ પહોંચી શકાયું નથી

વોશિંગ્ટન, તા.૧

ઈરાન સામે શરૂ થયેલા યુદ્ધમાં અમેરિકાનો હાથ ઉપર હોવાનો અને ઈરાન પાસે પીસ ડીલ સ્વીકારવા સિવાય અન્ય કોઈ માર્ગ ન હોવાનો હુંકાર ટ્રમ્પે કર્યો છે. પીસ ડીલ માટે ઈરાન સાથે ચાલી રહેલી વાટાઘાટો દરમિયાન યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, ઈરાન સાથે ખૂબ સારી સમજૂતીની નિકટ પહોંચ્યા છે, પરંતુ અપેક્ષિત પરિણામ ન મળે તો અમેરિકા અન્ય રીતે આ મુદ્દાનો અંત લાવશે. ઈરાને પોતાના નાગરિકોના અધિકારોનું રક્ષણ થાય તો ડીલ કરવા તત્પરતા બતાવી છે. યુદ્ધનો અંત લાવવા ઈરાન-યુએસ વચ્ચે અઠવાડિયાઓથી વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ કોઈ નિષ્કર્ષ સુધી હજુ પહોંચી શકાયું નથી. રવિવારે ઈરાનના ટોચના નેગોશિએટર મોહમ્મદ બઘેર ઘલિબાફે કહ્યું હતું કે, ઈરાનના નાગરિકોના હિતોનું રક્ષણ સુનિશ્ચિત ન થાય તો ઈરાન કોઈ ડીલ કરશે નહીં. ટ્રમ્પે પુત્રવધૂ લારા ટ્રમ્પને આપેલા એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યુ હતું કે, અમેરિકા ખબ સારી સમજૂતીની નજીક છે. પરંતુ, વધારે ઉતાવળ કરવામાં આવશે તો બહેતર ડીલ થઈ શકશે નહીં. ધીમે-ધીમે પરંતુ નિશ્ચિત રૂપથી અમેરિકાને જે જોઈએ છે, તે બધું જ મળી રહ્યું છે. અમેરિકાને અપેક્ષા મુજબનું ન મળ્યું તો અન્ય માર્ગે આ મુદ્દાનો અંત લવાશે.ઈરાનને સારા નેગોશિએટર ગણાવતા ટ્રમ્પે કહ્યું હતું, ઈરાનનું સૈન્ય નબળું પડી ગયું છે અને હવે આખી બાજી અમેરિકાના હાથમાં છે. અમેરિકા શાંતિથી વાત કરી રહ્યું છે, પરંતુ જરૂર જણાય તો સૈન્યને આખો મુદ્દો સોંપી દેવાશે. પરમાણુ શસ્ત્રો વિકસાવવાની કે ખરીદવાની કોઈ પણ પ્રવૃત્તિ નહીં કરવા ઈરાને ખાતરી આપી છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ઈરાન અને યુએસ વચ્ચે અગાઉ થયેલી ડ્રાફ્ટ ડીલમાં ટ્રમ્પે ઘણાં ફેરફાર કરાવ્યા છે. તેમાં ખાસ કરીને પરમાણુ શસ્ત્રોને લગતી જોગવાઈ વધુ આકરી કરાઈ છે. ડ્રાફ્ટ ડીલમાં ફેરફાર થયા હોવાથી ડીલ માટેની વાટાઘાટોમાં સમય વધારે લાગી રહ્યો છે. ઈઝરાયેલી સેના લેબેનોનમાં ઘણાં ઊંડે સુધી ઘૂસવામાં સફળ રહી છે. ૨૫ વર્ષ અગાઉ ઈઝરાયેલે લેબેનોન ખાલી કર્યું હતું, પરંતુ આ વખતે ઈઝરાયેલે દક્ષિણ લેબેનોનમાં આવેલો બ્યુફોર્ટનો કિલ્લો કબજે કરી લીધો છે. દરિયાથી ૭૦૦ મીટરની ઊંચાઈએ આવેલા આ કિલ્લાથી લેબેનોન અને ઉત્તર ઈઝરાયેલ બંને દેખાય છે. પ્રાચીન સમયથી સૈન્ય દૃષ્ટિથી આ કિલ્લાનું વ્યૂહાત્મક મહત્ત્વ છે અને હવે ઈઝરાયેલ આ કિલ્લો ખાલી કરવા માગતું નથી.

### કિંમતોમાં ૪૦૦ ડોલરથી વધુનો ઘટાડો

# ઈન્ટરનેશનલ ફ્લાઇટ્સના જેટ ફ્યુઅલના ભાવમાં મોટો ઘટાડો

## દેશની અંદર ઉડાન ભરતી ઘરેલુ ફ્લાઇટ્સ માટે જેટ ફ્યુઅલની કિંમતોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી

નવી દિલ્હી, તા.૧

વૈશ્વિક બજાર તરફથી એવિયેશન સેક્ટર માટે એક મોટા અને રાહતના સમાચાર સામે આવ્યા છે. ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે ઉપયોગમાં લેવાતા એવિયેશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) એટલે કે જેટ ફ્યુઅલની કિંમતોમાં ભારે ૨૭ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે, દેશની અંદર ઉડાન ભરતી ઘરેલુ (ડોમેસ્ટિક) ફ્લાઈટ્સ માટે જેટ ફ્યુઅલની કિંમતોમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તે જૂના ભાવે યથાવત રાખવામાં આવી છે.

ઉદ્યોગના સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ મોટા ઘટાડાને કારણે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ માટે જેટ ફ્યુઅલની કિંમતોમાં પ્રતિ કિલોલિટર ૪૦૦ અમેરિકન ડોલરથી પણ વધુનો ઘટાડો નોંધાયો છે. આ ઘટાડા બાદ હવે નવી કિંમત ઘટીને આશરે ૧,૧૦૦ અમેરિકન ડોલર પ્રતિ કિલોલિટર થઈ ગઈ છે, જે ભારતીય ચલણમાં આશરે ૧,૦૫,૦૦૦ રૂપિયા પ્રતિ કિલોલિટર જેટલી થાય છે. અગાઉ વૈશ્વિક બજારમાં તેજીના કારણે ૧ મેના રોજ આ કિંમતો ૭૬.૫૫ ડોલર (૫.૩૩ ટકા) વધીને ૧,૫૧૧.૮૬ ડોલર પ્રતિ કિલોલિટર પર પહોંચી ગઈ હતી. જ્યારે તે પહેલા એપ્રિલ મહિનામાં પશ્ચિમ એશિયાના યુદ્ધ અને આંતરરાષ્ટ્રીય ઊર્જા સંકટને કારણે કિંમતો બમણાથી પણ વધુ વધીને ૧,૪૩૫.૩૧ ડોલર થઈ ગઈ હતી. બીજી તરફ, ડોમેસ્ટિક ફ્લાઈટ્સ માટે ATFના ભાવ સ્થિર રાખવામાં આવ્યા છે. એરલાઈન કંપનીઓએ ઘરેલુ સપ્લાય માટે હજુ પણ ૧,૦૪,૯૨૭.૧૮ રૂપિયા પ્રતિ કિલોલિટર ચૂકવવાનું ચાલુ રાખવું પડશે. આ દર ૧ એપ્રિલથી લાગુ કરાયો હતો. વાસ્તવમાં, મે મહિનામાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભાવ વધ્યા હોવા છતાં સરકારી ફ્યુઅલ રિટેલ કંપનીઓએ મુસાફરો પર મોંઘવારીનો બોજ ન પડે તે માટે કિંમતો વધારી ન હતી અને નુકસાન પોતે સહન કર્યું હતું. હવે જ્યારે વૈશ્વિક સ્તરે કિંમતો નરમ પડી છે, ત્યારે તેનો સીધો લાભ વિદેશી ફ્લાઈટ્સને આપવામાં આવ્યો છે, જ્યારે ઘરેલુ સપ્લાય પર કંપનીઓ હજુ પણ નુકસાન ઉઠાવી રહી છે.

ભારતમાં જેટ ફ્યુઅલની કિંમતોને બે દાયકા પહેલાં જ નિયંત્રણ-મુક્ત (ડિરેગ્યુલેટેડ) કરી દેવામાં આવી હતી, જેથી એરલાઈન્સ સાથેના કરાર મુજબ કિંમતો આંતરરાષ્ટ્રીય માર્કેટના હિસાબે નક્કી થાય છે. પરંતુ હાલમાં પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને યુદ્ધના કારણે વૈશ્વિક એનર્જી માર્કેટમાં અભૂતપૂર્વ ઉછાળો આવ્યો હતો. આવી સ્થિતિમાં ATFની કિંમતોમાં અત્યાર સુધીનો સૌથી મોટો વધારો ઝીંકવાની જરૂર હતી, પરંતુ સરકારે અને સરકારી ક્રૂડ કંપનીઓએ ખૂબ જ સંતુલિત અને ગંભીરતાપૂર્વક પગલું ભર્યું. તેમણે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ માટે માર્કેટ લિંક્ડ રેટ રાખ્યા, પરંતુ દેશના સામાન્ય નાગરિકોને અસર ન થાય તે માટે ઘરેલુ ફ્લાઈટ્સની કિંમતોને નિયંત્રણમાં રાખીને મોટી રાહત આપી છે.

### આઈપીએલની ફાઇનલમાં ગુજરાત ટાઇટન્સનો સામાન્ય દેખાવ

# બેંગલોરનો 'વિરાટ' વિજયઃ સળંગ બીજી વાર તાજ

## રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો ૫ વિકેટે આસાન વિજય, ફાઇનલમાં કોહલી ઝળક્યો, શાનદાર અડધી સદી

અમદાવાદ, તા.૧

સમગ્ર ટુર્નામેન્ટમાં નોંધપાત્ર દેખાવ કર્યા બાદ ગુજરાત ટાઈટન્સની ટીમ તેના હોમગ્રાઉન્ડ ખાતેની ફાઈનલમાં જ ફસકી પડતાં તથા વિરાટ કોહલીએ શાનદાર બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૨૦૨૬ની આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ટાઈટલ જીતી લીધું હતું. બેંગલોરે સળંગ બીજા વર્ષે અને તે પણ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે જ ટાઈટલ જીત્યું હતું. આમ આઈપીએલમાં સળંગ બીજી વાર ટાઈટલ જાળવી રાખનારી તે ત્રીજી ટીમ બની હતી. તેણે સિઝનમાં ૭૭૬ રન કરીને ઓરેન્જ કેપ પણ જીતી હતી તો રબાડાએ ૨૯ વિકેટ સાથે પર્પલ કેપ હાંસલ કરી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગલોરને ૧૫૬ રન કરવાના હતા ત્યારે શરૂઆતમાં તો આ સ્કોર આસાન લાગતો હતો પરંતુ ઉપરાઉપરી વિકેટો પડી જતાં વિરાટ કોહલીએ અડિખમ બેટિંગ કરીને પોતાની ઉપયોગિતા પુરવાર કરતી ઈનિંગ્સ રમી હતી. તેણે ૪૨ બોલમાં ત્રણ સિક્સર અને નવ ચોગ્ગા સાથે અણનમ ૭૫ રન ફટકાર્યા હતા. ગુજરાત ટાઈટન્સે પ્રથમ બેટિંગ કરતાં ૨૦ ઓવરમાં આઠ વિકેટે ૧૫૫ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ૧૮ ઓવરમાં પાંચ વિકેટે ૧૬૧ રન કરી લીધા હતા.૧૫૬ રનના આસાન કહી શકાય તેવા ટારગેટ સામે રમતાં વેંકટેશ ઐયર અને વિરાટ કોહલીએ ઝંઝાવાતી શરૂઆત કરી હતી. બંનેએ ૨૧ બોલમાં ૫૦ રનની ભાગીદારી નોંધાવી દીધી હતી તો ૪.૩ ઓવરમાં જ ૬૨ રન ઉમેરી દીધા હતા. આ તબક્કે મોહમ્મદ સિરાઝે ડાબેરી ઓપનર વેંકટેશ ઐયર ૧૬ બોલમાં બે સિક્સર સાથે ૩૨ રન ફટકારીને આઉટ થયો ત્યાર બાદ દેવદત્ત પડિક્કલ સસ્તામાં આઉટ થઈ ગયો હતો. જોકે કોહલીએ આક્રમક વલણ જારી રાખ્યું હતું. તેણે રબાડાની એક જ ઓવરમાં ૧૯ રન ફટકારી દીધા હતા. રજત પાટીદારે પણ તેના સિનિયર કોહલી સાથે મળીને ઝંઝાવાત જારી રાખ્યો હતો.અગાઉ રોયલ ચેલેન્જર્સ બેંગલોરે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો જે યથાર્થ પુરવાર થયો હતો કેમ કે ગુજરાત ટાઈટન્સ સમગ્ર ઈનિંગ્સ દરમિયાન ક્યારેય હાવી થઈ શક્યું ન હતું. તેનાથી વિપરીત આખી ઈનિંગ્સમાં બેંગલોરના બોલર્સનું જ વર્ચસ્વ રહ્યું હતું. વોશિંગ્ટન સુંદરે ૩૭ બોલમાં પાંચ ચોગ્ગા સાથે અણનમ ૫૦ રન ફટકારીને લડત આપી હતી પરંતુ તેની બેટિંગ ધીમી રહી હતી. ટાઈટન્સને આજે કોઈ એક બેટર આક્રમક રમત રમે તેની જરૂર હતી પરંતુ સુંદર સિવાય થયેલું નુકસાન ખૂબ મોટું હતું.

ટાઈટન્સને સ્પર્ધાત્મક સ્કોર બનાવવા માટે કેપ્ટન શુભમન ગિલ અને સાઈ સુદર્શનની જોડી પાસેથી સારી શરૂઆતની આશા હતી, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા. ગિલ જોશ હેઝલવૂડ (૩૭ રનમાં બે વિકેટ)ના બોલ પર ખોટો શોટ રમ્યો હતો અને રજત પાટીદારના હાથે કેચ આઉટ થયો હતો. બીજી તરફ સુદર્શન પણ ભુવનેશ્વર કુમાર (૨૯ રનમાં બે વિકેટ)ના બોલ પર જિતેશ શર્માના હાથે કેચ આઉટ થયો હતો. ભુવનેશ્વર હવે પર્પલ કેપની રેસમાં કેગિસો રબાડા (૨૮ વિકેટ) ની બરાબરી પર છે.આ સિઝનમાં ૭૦૦+ ફટકારનારા બંને ઓપનર્સ આઉટ થયા બાદ ગુજરાતની બેટિંગ લાઈનઅપ ખોરવાઈ ગઈ હતી અને પાવરપ્લેમાં સ્કોર માત્ર ૪૫ રન હતો. ટીમ માટે વોશિંગ્ટન સુંદરે એક છેડો સાચવી રાખીને અણનમ અડધી સદી ફટકારી તેને બાદ કરતાં બીજા છેડેથી કોઈ સાથી ખેલાડીનો પૂરતો ટેકો મળ્યો ન હતો.

### રોડ વચ્ચે બસમાં શોર્ટ સર્કિટ બાદ ધૂમાડો ફેલાયો

# IPL ફાઈનલ હાર્યા બાદ ગુજરાત ટાઈટન્સ ટીમ દુર્ઘટનાનો શિકાર

## ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને લઈને સ્ટેડિયમથી હોટેલ પરત ફરી રહેલી ટીમ બસમાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે ટેકનિકલ ખામી સર્જાઈ

અમદાવાદ, તા.૧

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬ની ફાઈનલ મેચ બાદ રવિવારે મોડી રાત્રે ગુજરાત ટાઈટન્સ ની ટીમ સાથે એક મોટી દુર્ઘટના ઘટતા-ઘટતા રહી ગઈ છે. ફાઈનલ મુકાબલામાં પરાજય બાદ ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફને લઈને સ્ટેડિયમથી હોટેલ પરત ફરી રહેલી ટીમ બસમાં અચાનક શોર્ટ સર્કિટ થવાના કારણે ટેકનિકલ ખામી સર્જી હતી. જોતજોતામાં બસની અંદર મોટો ધુમાડો ફેલાઈ ગયો હતો. જો કે, સુરક્ષા કર્મચારીઓ અને મેનેજમેન્ટે ત્વરિત પગલાં ભરીને તમામ ખેલાડીઓ અને સ્ટાફને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.અહેવાલો અનુસાર, રવિવારે (૩૧મી મે) ફાઈનલ મેચ પૂર્ણ થયા બાદ ગુજરાત ટાઈટન્સની ટીમને બસમાં હોટેલ જવા રવાના થઈ હતી. બસ જ્યારે રસ્તા વચ્ચે પહોંચી ત્યારે અચાનક વાયરિંગમાં શોર્ટ સર્કિટ થતાં એન્જિન અને કેબિનના ભાગમાંથી કાળો ધુમાડો નીકળવા લાગ્યો હતો. પરિસ્થિતિ વણસે તે પહેલાં જ ડ્રાઈવરે બસ રોડ કિનારે ઊભી રાખી દીધી હતી અને સુરક્ષા સ્ટાફે તાત્કાલિક તમામ ક્રિકેટરો અને મેડિકલ-કોચિંગ સ્ટાફને બસમાંથી બહાર ઉતારી લીધા હતા.સદનસીબે આ ઘટનામાં કોઈ પણ ખેલાડી કે સ્ટાફ મેમ્બરને સહેજ પણ ઈજા પહોંચી નથી. ઘટનાના પગલે આખી ટીમે થોડા સમય માટે રસ્તાના કિનારે જ ઊભા રહીને રાહ જોવી પડી હતી, જે બાદ મેનેજમેન્ટે તાત્કાલિક બીજી વૈકલ્પિક બસ મંગાવીને ટીમને સુરક્ષિત હોટેલ પહોંચાડી હતી.ગુજરાત ટાઈટન્સ માટે રવિવારનો આખો દિવસ જ ભારે નિરાશાજનક સાબિત થયો હતો. એક તરફ રસાકસી ભરેલી આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ગુજરાતનો ૫ વિકેટે પરાજય થયો હતો. આ હારના કારણે ગુજરાત ટાઈટન્સનું બીજી વખત આઈપીએલ ટ્રોફી જીતવાનું સપનું રોળાયું હતું અને ખેલાડીઓ પહેલેથી જ ભારે આઘાતમાં હતા.આઈપીએલની બે મહિના લાંબી ચાલેલી આ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ફાઈનલ સુધી પહોંચેલી ગુજરાતની ટીમ માટે ગઈકાલની રાત કઠિન સાબિત થઈ હતી. મેદાન પર ટાઈટલ જીતવાની આશા પર પાણી ફરી વળ્યા બાદ રસ્તા પર ટીમ બસમાં સર્જાયેલી આ આકસ્મિક આફતે ખેલાડીઓની મુશ્કેલીમાં વધારો કર્યો હતો. જોકે, ફાઈનલની હારની નિરાશા વચ્ચે સૌથી આશ્વાસન આપનારી અને રાહતની વાત એ રહી કે બસ દુર્ઘટનામાં તમામ દેશી-વિદેશી સ્ટાર ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફ સંપૂર્ણપણે સુરક્ષિત છે.

### ગુજરાત સરકારનો ઇંધણ બચાવવા માટે નિર્ણય

# ખેતી મદદનીશોને ગાંધીનગર બોલાવવાને બદલે ઇ-મેઇલથી અપાશે નિમણૂંક પત્રો

ગાંધીનગર, તા.૧

વૈશ્વિક સ્તરે વધતી જતી ઈંધણ કટોકટી અને પર્યાવરણીય પડકારો વચ્ચે ગુજરાત સરકારે વહીવટી સ્તરે એક મોટો અને મહત્ત્વનો નિર્ણય લીધો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઈંધણ બચાવવા અને ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરવાની વિશેષ અપીલને ઝીલીને સરકારે આ નવતર અભિગમ અપનાવ્યો છે. અગાઉ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે મોટા ખર્ચે ભવ્ય કાર્યક્રમો યોજીને નવા પસંદ થયેલા ઉમેદવારોને નિમણૂક પત્રો આપવામાં આવતા હતા, જેની જગ્યાએ હવે ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરવામાં આવશે. રાજ્યમાં ૪૧૪ ખેતી મદદનીશોને સરકારી સેવામાં સામેલ કરવા માટેનો એક વિશેષ કાર્યક્રમ બીજી જૂન ૨૦૨૬ના રોજ ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ-૧ના તાપી હોલ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. ઈંધણની બચત કરવાના આશયથી સરકારે તમામ ૪૧૪ ઉમેદવારોને ગાંધીનગર રૂબરૂ બોલાવીને પેટ્રોલ-ડીઝલનો વ્યય કરવાને બદલે સંપૂર્ણપણે ડિજિટલ અભિગમ અપનાવ્યો છે.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે માત્ર ૨૮ ઉમેદવારોને જ રૂબરૂ નિમણૂંકપત્રો એનાયત કરાશે. જ્યારે બાકીના અન્ય તમામ ઉમેદવારોને ડિજિટલ માધ્યમથી ઈ-મેઈલ દ્વારા ઘેરબેઠા જ નિમણૂંકપત્રો મોકલી આપવામાં આવશે.સરકારના આ પગલાના કારણે સેંકડો ઉમેદવારોએ ગાંધીનગર સુધીની લાંબી અને ખર્ચાળ મુસાફરી કરવી નહીં પડે. આ સાથે જ, સરકારને પણ મહાત્મા મંદિર જેવા મોટા સ્થળોએ કરોડો રૂપિયાના ખર્ચે મોટા આયોજનો કરવાથી મુક્તિ મળશે. આમ, ટેક્નોલોજીના સ્માર્ટ ઉપયોગથી સમય, નાણાં અને કિંમતી ઈંધણ ત્રણેયની મોટી બચત થશે.

### ટૂંક સમયમાં થશે મોટી જાહેરાત

# ભારત-અમેરિકા ટ્રેડ ડીલ તૈયાર! ૯૯% વાટાઘાટો પૂર્ણ

## ટ્રેડ ડીલનો મોટાભાગનો વિવાદ ઉકેલાઈ ગયો : ગોયલ

નવી દિલ્હી, તા.૧

ભારત-અમેરિકા વચ્ચે સફળતાપૂર્વક ટ્રેડ ડીલ કરવા માટે ઘણી બેઠકો યોજાઈ હતી, ઘણા સમયથી તેની રાહ પણ જોવાઈ રહી છે, ત્યારે હવે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને અમેરિકાના રાજદૂત સર્જિયો ગોરે આ સમજૂતી અંગે મહત્ત્વનું અપડેટ આપ્યું છે. ગોયલે કહ્યું કે, બંને દેશો વચ્ચેની ડીલનું લગભગ ૯૯ ટકા કામ પુરુ થઈ ગયું છે અને હવે તે અંતિમ તબક્કામાં છે. એટલે કે ટૂંક સમયમાં તેની મોટી જાહેરાત થઈ શકે છે.ટ્રેડ ડીલ ફાઈનલ કરવા માટે બેથી ચાર જૂન દિલ્હીમાં બેઠક યોજાવાની છે. અમેરિકાના સીનિયર ટ્રેડ અધિકારીઓનું મોટા ડેલિગેશને ભારત આવવાની શરૂઆત કરી દીધી છે. ગોયલે કહ્યું કે, હવે બંને દેશો વચ્ચે ડીલ સંબંધીત મોટા મુદ્દા અંગે કોઈ વિવાદ નથી, માત્ર નાની ટેકનિકલ બાબતો સુધારવાની બાકી છે. ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, અમેરિકા સાથે ફાઈનલ ડીલ થતાં જ બંને દેશોનો વેપાર આગળ વધતો થઈ જશે. આના બંને દેશોની અર્થવ્યવસ્થાને લાભ મળવાનું શરૂ થઈ જશે.વાણિજ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ, ભારત સમજૂતી મામલે પોતાના હિતો પર અડગ છે. ભારતે સ્પષ્ટ કહ્યું છે કે, અમેરિકન માર્કેટમાં અન્ય દેશો કરતા વધુ તક ન મળે તેવી કોઈપણ સમજૂતી માટે અમે તૈયાર નથી. ભારત ઈચ્છે છે કે, અમેરિકાના નવા ટેરિફ નિયમોમાં કરાયેલા ફેરફારોને સમજૂતીમાં યોગ્ય રીતે સામેલ કરવામાં આવે. નવા ટેરિફ દર કેટલા હશે, તે પણ સેક્શન-૩૦૧ તપાસ્યા બાદ નક્કી કરાશે. આ સંપૂર્ણ ચિત્ર સ્પષ્ટ થયા બાદ અમેરિકન વેપાર પ્રતિનિધિ જેમિસન ગ્રીર અને વાણિજ્ય મંત્રી ગોયલ વચ્ચે એક મોટી બેઠક યોજાશે, જેમાં ડીલને અંતિમ રૂપ આપવામાં આવશે.

### સુનિલ ગાવસ્કર આયોજકો પર ભડક્યા

# ગુજરાત ટાઇટન્સ સાથે અન્યાય થયો છે : સુનિલ ગાવસ્કર

## ફાઇનલ મેચને રવિવારના બદલે સોમવારે રાખેલા રિઝર્વ ડે પર રમાડવી જોઈતી હતી જેથી બંને ટીમોને સમાન તક મળી શકે

નવી દિલ્હી, તા.૧

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ૨૦૨૬ની હાઈ-વોલ્ટેજ ફાઈનલ મેચ પૂર્વે એક મોટો વિવાદ સામે આવ્યો છે. ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ દિગ્ગજ ઓપનર અને કમેન્ટેટર સુનિલ ગાવસ્કરે આઈપીએલ મેનેજમેન્ટ સામે નારાજગી વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત ટાઈટન્સ (GT)ની ટીમ સાથે અન્યાય થયો છે અને આ મહા મુકાબલાને એક દિવસ માટે મુલતવી રાખવો જોઈતો હતો. ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB)ની જીત થઈ હતી, પરંતુ GT સાથે અન્યાય થયો હતો. ગાવસ્કરના મતે, ફાઈનલ મેચને રવિવારના બદલે સોમવારે રાખેલા 'રિઝર્વ ડે' પર રમાડવી જોઈતી હતી જેથી બંને ટીમોને સમાન તક મળી શકે.

ગુજરાત ટાઈટન્સે શુક્રવારે રમાયેલી ક્વોલિફાયર-૨ મેચમાં રાજસ્થાન રોયલ્સને હરાવીને ફાઈનલમાં ભવ્ય પ્રવેશ કર્યો હતો. આ મેચ બાદ ટીમને ચંદીગઢથી અમદાવાદ આવવાનું હતું. જો કે, ઉત્તર-પશ્ચિમ ભારતમાં અચાનક બદલાયેલા હવામાન અને ભારે વરસાદના કારણે શનિવારે બપોરે તેમની ચાર્ટર્ડ ફ્લાઈટ સમયસર ઉડાન ભરી શકી નહોતી. લાંબા વિલંબ બાદ ગુજરાતની ટીમ શનિવારે મોડી રાત્રે લગભગ ૧૦:૪૫ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પહોંચી હતી અને હોટેલ પહોંચતા સુધીમાં તો અડધી રાત થઈ ગઈ હતી.આ પ્રવાસના કારણે હાર્ડ-હીટિંગ ફાઈનલ મેચ પહેલાં ગુજરાતના ખેલાડીઓને આરામ કરવા, રિકવરી મેળવવા અને પ્રેક્ટિસ કરવા માટે ૨૪ કલાક કરતાં પણ ઓછો સમય મળ્યો હતો.બીજી તરફ RCBની ટીમ ક્વોલિફાયર-૧માં જીત મેળવીને મંગળવારથી જ અમદાવાદમાં ડેરો જમાવીને બેઠી હતી. પરિણામે, ડિફેન્ડિંગ ચેમ્પિયન બેંગલુરુના ખેલાડીઓને ફાઈનલ મેચની પૂર્વ તૈયારી કરવા અને શારીરિક-માનસિક થાક ઉતારવા માટે પૂરા પાંચ દિવસનો પૂરતો સમય મળ્યો હતો.એક ઈન્ટરવ્યૂમાં વાતચીત દરમિયાન સુનિલ ગાવસ્કરે આઈપીએલના આ આયોજન સામે તીખા સવાલો કરતા કહ્યું કે "આમાં કોઈ શંકા નથી કે ખેલાડીઓને પૂરતા આરામની જરૂર હોય છે. જ્યારે તમને ખબર જ ન હોય કે તમારી ફ્લાઈટ ક્યારે ટેક-ઓફ કરશે, ત્યારે ખેલાડીઓમાં એક પ્રકારની બેચેની અને ચિંતાનો માહોલ સર્જાય છે. મુસાફરીના આ વિલંબથી માત્ર શારીરિક થાક જ નથી લાગતો, પણ તમે માનસિક રીતે પણ થાકેલા હોઉં છો. જ્યારે આપણી પાસે પહેલેથી જ 'રિઝર્વ ડે'નો વિકલ્પ ઉપલબ્ધ હતો, ત્યારે આવી કટોકટીની સ્થિતિમાં ફાઈનલ મેચને સોમવાર પર શિફ્ટ કરવી જોઈતી હતી, જેથી ગુજરાતની ટીમ સાથે ન્યાય થઈ શકે."ગાવસ્કરે પ્લેઓફની મેચો અલગ-અલગ શહેરોમાં ગોઠવવાના આઈપીએલના નિર્ણયને પણ અયોગ્ય ગણાવ્યો હતો અને ભવિષ્ય માટે શેડ્યૂલિંગમાં વધુ ફ્લેક્સિબિલિટી રાખવાની સલાહ આપી હતી.

ટોસ દરમિયાન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે પણ સ્વીકાર્યું હતું કે, ક્વોલિફાયર-૧ બાદ તેમની ટીમને આરામ અને તૈયારી માટે ઘણો સારો સમય મળ્યો હતો, જે ચોક્કસપણે એક વધારાનો ફાયદો છે. જોકે, તેમણે ઉમેર્યું કે ફાઈનલમાં બંને ટીમો મજબૂત હોવાથી રમત પર જ પરિણામનો આધાર રહેશે. આ મેચમાં બેંગલુરુએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, જ્યારે ગુજરાતના કેપ્ટન શુભમન ગિલે કહ્યું કે તેઓ પણ ટોસ જીતત તો બેટિંગ જ પસંદ કરત.

તમામ ચર્ચાઓ અને વિવાદો વચ્ચે ફાઈનલ મેચ નિર્ધારિત સમયપત્રક મુજબ રવિવારે જ રમાઈ હતી. પ્રવાસના થાક સાથે મેદાનમાં ઉતરેલી ગુજરાત ટાઈટન્સની ટીમને હરાવીને, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ શાનદાર પ્રદર્શન કર્યુ અને સતત બીજી વખત આઈપીએલની ચમકતી ટ્રોફી પોતાના નામે કરી ઈતિહાસ રચી દીધો. છતાં, ટૂર્નામેન્ટ પૂરી થયા પછી પણ ગાવસ્કરની આ દલીલ ક્રિકેટ વર્તુળોમાં ભારે ચર્ચાનો વિષય બનેલી છે.

### ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૮ જૂન નક્કી કરાઈ

# ગુજરાતની ચાર રાજ્યસભા બેઠકો માટે વિગતવાર ચૂંટણી કાર્યક્રમ જાહેર

## ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સવારે મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે મતગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧

ગુજરાત સહિત દેશના અન્ય રાજ્યોમાં ખાલી પડી રહેલી રાજ્યસભાની બેઠકો માટે ચૂંટણી પંચ દ્વારા જાહેરનામું બહાર પાડી વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

જે મુજબ ગુજરાતની ૪ મહત્વની રાજ્યસભા બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૦૮ જૂન ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. જ્યારે ભરાયેલા ફોર્મ પરત ખેંચવાની છેલ્લી તારીખ ૧૧ જૂન ૨૦૨૬ રહેશે. ૧૮ જૂન ૨૦૨૬ના રોજ સવારે મતદાન યોજાશે અને તે જ દિવસે સાંજે મતગણતરી હાથ ધરી પરિણામો જાહેર કરવામાં આવશે.

ગુજરાત કયા ચાર રાજ્યસભાના સાંસદ થઈ રહ્યા છે નિવૃત?

- -રામભાઈ હરજીભાઈ મોકરીયા
- -અમીન નરહરિ હીરાભાઈ
- -ગોહિલ શક્તિસિંહ હરિચંદ્રસિંહ
- -રમીલા બેચરભાઈ બારા

ચૂંટણીનો સંપૂર્ણ કાર્યક્રમ

ચૂંટણી જાહેરનામું (NOification): ૧ જૂન ૨૦૨૬

નામાંકન (Nomination) ભરવાની છેલ્લી તારીખ: ૮ જૂન ૨૦૨૬

નામપત્રોની ચકાસણી Scrutiny: ૯ જૂન ૨૦૨૬

નામ ખેંચવાની છેલ્લી તારીખ: ૧૧ જૂન ૨૦૨૬

મતદાન અને પરિણામ: ૧૮ જૂન ૨૦૨૬

ગુજરાતમાંથી રાજ્યસભાના કોંગ્રેસના એકમાત્ર સાંસદ અને પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલનો કાર્યકાળ ૨૧ જૂનના રોજ પૂરો થઈ રહ્યો છે. ગુજરાતમાં રાજ્યસભાની એક બેઠક જીતવા માટે કોઈપણ પક્ષને ૩૭ ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે. જ્યારે હાલમાં કોંગ્રેસ પાસે માત્ર ૧૨ ધારાસભ્યો જ છે. જો કોંગ્રેસ પાસે ૧૦ ધારાસભ્યો હોય તો તેઓ માત્ર પોતાની દાવેદારી નોંધાવી શકે છે, પરંતુ જો ભાજપ થોડો પણ પ્રયાસ કરશે તો કોંગ્રેસ માટે ઉમેદવારી ફોર્મ ભરવું પણ મુશ્કેલ બની જશે. પરિણામે, જૂન મહિના પછી રાજ્યસભામાં ગુજરાત કોંગ્રેસનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે.

આ ચૂંટણીમાં જે ૧૦ રાજ્યો સામેલ છે તેમાં આંધ્રપ્રદેશ, ગુજરાત, ઝારખંડ, મધ્યપ્રદેશ, મણિપુર, મેઘાલય, રાજસ્થાન, અરૂણાચલ પ્રદેશ, કર્ણાટક અને મિઝોરમનો સમાવેશ થાય છે. આ યાદીમાં સૌથી વધુ ૪-૪ બેઠકો ગુજરાત, આંધ્રપ્રદેશ અને કર્ણાટકમાંથી ખાલી થઈ રહી છે. જ્યારે રાજસ્થાનમાંથી રાજેન્દ્ર ગેહલોત, નીરજ ડાંગી અને રવનીત સિંહની બેઠકો ખાલી થશે.

### હડકાયા શ્વાનનો કહેર

# મુજપર ગામમાં શ્વાને ૪ માસૂમ બાળકો સહિત અનેક લોકોને બચકાં ભર્યા

## ડોક્ટરોની ટીમ દ્વારા તેમને હડકવા વિરોધી ઈન્જેક્શન અને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે

સુરેન્દ્રનગર,તા.૧

સુરેન્દ્રનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા અને હડકાયા શ્વાનનો ત્રાસ દિનપ્રતિદિન વધી રહ્યો છે. જિલ્લાના મુજપર ગામમાં ગત રાત્રિના સમયે એક હડકાયા શ્વાને અચાનક આતંક મચાવતા ગામના નિર્દોષ નાગરિકો પર હુમલા કર્યા હતા. આ પાગલ બનેલા શ્વાને રસ્તા પરથી પસાર થતા ૪ થી ૫ લોકોને શરીરના ભાગે ગંભીર બચકા ભરી લીધા હતા, જેના કારણે સમગ્ર ગામમાં અફરાતફરી અને દોડધામનો માહોલ સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, હડકાયા શ્વાનનો શિકાર બનેલા લોકોમાં ૪ માસૂમ બાળકો પણ સામેલ છે. શ્વાને બાળકો પર હુમલો કરતા તેમના રડવાનો અને ચીસાચીસનો અવાજ સાંભળી આજુબાજુના ગ્રામજનો લાકડીઓ લઈને દોડી આવ્યા હતા.

આ હુમલામાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા તમામ બાળકો અને અન્ય લોકોને તાત્કાલિક અસરથી ૧૦૮ મારફતે સુરેન્દ્રનગરની મુખ્ય મહાત્મા ગાંધી હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે, જ્યાં ડોક્ટરોની ટીમ દ્વારા તેમને હડકવા વિરોધી ઈન્જેક્શન અને જરૂરી તબીબી સારવાર આપવામાં આવી રહી છે.

રાત્રિના અંધકારમાં બનેલી આ ઘટનાને પગલે મુજપર ગામના લોકોમાં ભારે ફફડાટ અને ભયનો માહોલ વ્યાપી ગયો છે. શ્વાન હજુ પણ ગામની આસપાસ જ રખડતો હોવાથી ગ્રામજનો દ્વારા રાત્રે ઘરની બહાર ન નીકળવા તેમજ બાળકોને એકલા ન મૂકવા માટે સાવચેતી રાખવાની ખાસ અપીલ કરવામાં આવી રહી છે. સ્થાનિકોમાં તંત્ર સામે રોષ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં પણ રખડતા શ્વાન પકડવાની કોઈ નક્કર કામગીરી કરવામાં આવતી નથી, જેના કારણે આજે નિર્દોષ બાળકો ભોગ બન્યા છે.

### ૪ મુદ્દાઓ પર થઈ ચર્ચા

# મ્યાનમારના રાષ્ટ્રપતિએ PM મોદીની સાથે કરી મુલાકાત

## વેપાર, અર્થતંત્ર, ટેક્નોલોજી અને પરસ્પર સંબંધો સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાતચીત થઈ હતી

નવી દિલ્હી, તા.૧

મ્યાનમારના રાષ્ટ્રપતિ યુ મિન આંગ હ્લેઈંગ (U Min Aung Hlaing) ભારતની મુલાકાતે આવ્યા છે. ત્યારે આજે સોમવારે તેમણે દિલ્હી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ ભારત અને મ્યાનમાર વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ચર્ચા કરી હતી. આ બેઠકમાં વેપાર, અર્થતંત્ર, ટેક્નોલોજી અને પરસ્પર સંબંધો સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર વાતચીત થઈ હતી.

કયા-કયા મુદ્દાઓ પર થઈ ચર્ચા?- વિકાસ, ભાગીદારી, સુરક્ષા અને સરહદ વ્યવસ્થાપન પર સહયોગ - વેપાર, રોકાણ અને કનેક્ટિવિટી પર ખાસ ધ્યાન IPL 2026ના સાવજ વૈભવ સૂર્યવંશીને મળી આ જબરદસ્ત લક્ઝરી કાર, જાણો કેટલી છે કિંમત - લોકો વચ્ચેના સંબંધો વધુ મજબૂત કરવા અંગે ચર્ચા - શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે ભાગીદારી વધારવાનો નિર્ણય,આ મુલાકાત દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ભારત પોતાની નેબરહુડ ફર્સ્ટ, એક્ટ ઈસ્ટ અને મહાસાગર નીતિઓ મુજબ મ્યાનમારનો એક વિશ્વસનીય પડોશી દેશ છે. વડાપ્રધાને ઉમેર્યું કે, ભારત વિશ્વસનીય ભાગીદાર અને સંકટના સમયમાં સૌથી પહેલા મદદ કરનાર દેશ બન્યો રહેશે.મ્યાનમારના રાષ્ટ્રપતિએ એપ્રિલ ૨૦૨૬માં રાષ્ટ્રપતિનું પદ સંભાળ્યા બાદ પહેલા વિદેશ પ્રવાસ માટે ભારતની પસંદગી કરી છે. મ્યાનમાર ભારત માટે મહત્વપૂર્ણ દેશ છે, તે આપણો પાડોશી દેશ છે. જેની સાથે ભારતની ૧,૬૪૩ કિલોમીટર લાંબી સરહદ જોડાયેલી છે. મ્યાનમારના રાષ્ટ્રપતિ હ્લાઈંગ દિલ્હી સ્થિત રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે પણ મુલાકાત કરશે. તેઓ દિલ્હીના કૂતુબ ગોલ્ફ કોર્સ પાસે આવેલા રાય પિથૌરા સાંસ્કૃતિક પરિસરમાં આયોજિત ધ લાઈટ એન્ડ ધ લોટસ: રિલિક્સ ઓફ ધ અવેકન્ડ વન પ્રદર્શન પણ જોવા જશે. આ એક મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય પ્રદર્શન છે, જેમાં ભગવાન બુદ્ધના પવિત્ર પિપરહવા અવશેષોને પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

# દામનગરમાં ઠેકઠેકાણે પ્લાસ્ટીકના કારણે ગંદકીનો માહોલ ઉભો થયો



દામનગર, તા. ૧

દામનગરમાં બિન જરૂરી પ્લાસ્ટીકનો ઉપયોગ બંધ કરાય તો સ્વચ્છતા અભિયાનને સફળતા મળશે..!! તસ્વીર છે શહેરની પ્રાથમિક શાળા નંબર ૧ અને ૨ની બાજુમાં આવેલ પે એન્ડ યુઝ ટોઈલેટથી થોડાક જ અંતરે મુકેલ કચરા પેટી ની આસપાસ કચરાથી ગૂંગળામણ થતી હોય નિયમિત સફાઈ કરાવાય અને પ્રતિબંધ પ્લાસ્ટિકનો બંધ થાય તો જ સફાઈ અભિયાનને મહદ્અંશે સફળતા મળશે. નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓ આ મુખ્ય મુદ્દા પર સક્રિય થઈને સેવા આપે એવી લાગણી છે.

### ટીમ ઈન્ડિયામાં સિલેક્શનને લઈને BCCIનું અપડેટ

# BCCIના સચિવ દેવજીત સૈકિયાએ વૈભવ સૂર્યવંશીના ઘણા વખાણ કર્યા

## વૈભવ સૂર્યવંશી ક્રિકેટના સર્વોચ્ચ સ્તરે રમી શકે તે માટે BCCI પૂરતો પ્રયાસ કરશે : સચિવ દેવજીત સૈકિયા

નવી દિલ્હી, તા.૧

IPL 2026માં ધમાકેદાર પ્રદર્શન કરીને ક્રિકેટ જગતમાં ચર્ચા જગાવનાર વૈભવ સૂર્યવંશીની હવે ટીમ ઈન્ડિયામાં એન્ટ્રી ક્યારે થશે? આ સવાલ વૈભવ સૂર્યવંશીના ફેન્સના મનમાં ચાલી રહ્યો છે. માત્ર ૧૫ વર્ષની ઉંમરે ઓરેન્જ કેપ જીતનાર આ યુવા બેટ્સમેનને ટીમ ઈન્ડિયામાં સામેલ કરવાની માંગ સતત વધી રહી છે. આ વચ્ચે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) તરફથી પણ તેમના ભવિષ્યને લઈને સકારાત્મક સંકેત મળ્યા છે. રાજસ્થાન રોયલ્સ માટે રમતા વૈભવ સૂર્યવંશીએ IPL 2026માં એવું જબરદસ્ત પ્રદર્શન કર્યું કે આખી ટૂર્નામેન્ટમાં ફક્ત તેમના નામની જ સૌથી વધારે ચર્ચાઓ થઈ. તેમણે માત્ર રન જ નથી બનાવ્યા, પણ તેમણે ઓરેન્જ કેપ, ઈમર્જિંગ પ્લેયર, મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર અને સર્વોચ્ચ સ્ટ્રાઈક રેટ જેવા અનેક એવોર્ડ પણ પોતાના નામે કર્યા છે.

IPL 2026ની ફાઈનલ મેચ પછી મીડિયા સાથેની વાતચીતમાં BCCIના સચિવ દેવજીત સૈકિયાએ વૈભવ સૂર્યવંશીના ઘણા વખાણ કર્યા. તેમણે કહ્યું, "વૈભવ એક શાનદાર પ્રતિભા છે. તેમનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. વૈભવ ક્રિકેટના સર્વોચ્ચ સ્તરે રમી શકે તે માટે BCCI પૂરતો પ્રયાસ કરશે." BCCI સચિવના આ નિવેદન બાદ ચર્ચા વધુ તેજ થઈ છે કે આગામી મહિનાઓમાં વૈભવ સૂર્યવંશી ભારતીય ટીમમાં રમતા જોવા મળી શકે છે.

વૈભવ સૂર્યવંશીએ રાજસ્થાન રોયલ્સ તરફથી રમતી વખતે ૧૬ ઈનિંગ્સમાં ૭૭૬ રન બનાવ્યા. તેમનો એવરેજ ૪૮.૫૦ અને સ્ટ્રાઈક રેટ ૨૩૭.૩૦ રહ્યો. આખી સીઝનમાં તેમણે ૧ સદી અને ૫ અડધી સદી ફટકારી. તેમના બેટમાંથી ૬૩ ચોગ્ગા અને ૭૨ છગ્ગા નીકળ્યા. સાથે જ, તેઓ આઈપીએલ ઈતિહાસમાં સૌથી નાની ઉંમરે ઓરેન્જ કેપ જીતનાર બેટ્સમેન બની ગયા. એટલું જ નહીં, તેમણે એક જ T20 ટૂર્નામેન્ટમાં સૌથી વધુ છગ્ગા ફટકારવાનો વર્લ્ડ રેકોર્ડ પણ બનાવ્યો. IPL 2026 પૂરી થયા પછી વૈભવનું આગળનું સ્ટેશન ઈન્ડિયા-એ ટીમ હશે. તેઓ ૯ જૂનથી શરૂ થનારી શ્રીલંકા ટ્રાઈ સિરીઝમાં ભારતીય ટીમનો ભાગ બનશે. ક્રિકેટ વિશેષજ્ઞોનું માનવું છે કે જો તેમનું પ્રદર્શન આવું જ ચાલુ રહ્યું તો આયરલેન્ડ અથવા ઝિમ્બાબ્વેના પ્રવાસ માટે પણ તેમને ભારતીય ટીમમાં તક મળી શકે છે. આ ઉપરાંત, તેમને એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે પણ શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે. આ પહેલાં તેઓ ભારતની અંડર-૧૯ વર્લ્ડ કપ ટીમ અને ઈમર્જિંગ ટીમ્સ એશિયા કપમાં પણ દેશનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. આઈપીએલ ૨૦૨૬ની ફાઈનલ મેચ પછી સ્ટાર સ્પોર્ટ્સ સાથે વાતચીતમાં વૈભવ સૂર્યવંશી પોતાના ભવિષ્યના લક્ષ્ય વિશે ખુલ્લીને બોલ્યા. તેમણે કહ્યું કે, તેમનું સૌથી મોટું સપનું ભારત માટે ટેસ્ટ ક્રિકેટ રમવાનું છે. તેના માટે તેમણે તૈયારી પણ શરૂ કરી દીધી છે. તેમનું માનવું છે કે હજુ તેમને આ ફોર્મેટમાં પોતાને સાબિત કરવાની પૂરતી તક મળી નથી.

### ક્રિકેટ બાદ રાજકારણની પિચ પર નવી ઈનિંગ

# ટીમ ઈન્ડિયાના પૂર્વ ફાસ્ટ બોલર બંગાળ સરકારમાં બન્યા મંત્રી

## પશ્ચિમ બંગાળમાં થયેલા મંત્રીમંડળના વિસ્તરણમાં અશોક ડિંડાએ રાજ્ય મંત્રી તરીકે શપથ લીધા છે

કોલકાતા, તા.૧

ક્રિકેટના મેદાનમાં પોતાની ઘાતક ઝડપ અને આક્રમક બોલિંગથી બેટર્સને પરેશાન કરનાર ભારતીય ટીમના પૂર્વ બોલર અશોક ડિંડાએ હવે રાજકારણમાં નવી ઈનિંગની શરૂઆત કરી છે. આજે પશ્ચિમ બંગાળમાં થયેલા મંત્રીમંડળના વિસ્તરણમાં અશોક ડિંડાએ રાજ્ય મંત્રી તરીકે શપથ લીધા છે. મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની સરકારના મંત્રીમંડળનો વિસ્તાર રાજભવનમાં કરવામાં આવ્યો હતો. રાજ્યપાલ આર.એન. રવિની ઉપસ્થિતિમાં કુલ ૩૫ મંત્રીઓએ પદ અને ગોપનીયતાના શપથ લીધા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારી અને ભાજપના વરિષ્ઠ નેતાઓ હાજર રહ્યા હતા.

અશોક ડિંડાએ ભાજપની ટિકિટ પર વિધાનસભા ચૂંટણીમાં મોયના બેઠક પરથી જીત મેળવી હતી. તેમણે તૃણમૂલ કોંગ્રેસના ચંદન મંડળને ૧૬ હજારથી વધુ મતોના જંગી અંતરથી પરાજિત કર્યા હતા. ખાસ વાત એ છે કે આ સતત બીજી વાર છે જ્યારે ડિંડાએ આ સીટ પર વિજય મેળવ્યો હોય. ૨૦૨૧માં પણ તેમણે તૃણમૂલ કોંગ્રેસ સામે ૧૨૦૦ મતોથી જીત મેળવી હતી. અશોક ડિંડાએ ડિસેમ્બર ૨૦૦૯માં શ્રીલંકા સામે ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પદાર્પણ કર્યું હતું. આંતરરાષ્ટ્રીય કરિયર: ભારત માટે ૧૩ વનડે (૧૨ વિકેટ) અને 9 T20 ઈન્ટરનેશનલ (૧૭ વિકેટ) રમી ચૂક્યા છે.

IPL કરિયર: IPLમાં તેમણે ૭૮ મેચ રમીને ૬૯ વિકેટ ઝડપી હતી. તેઓ કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR), દિલ્હી કેપિટલ્સ (DC), પૂણે વોરિયર્સ ઈન્ડિયા, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) અને રાઈઝિંગ પૂણે સુપરજાયન્ટ્સ જેવી દિગ્ગજ ટીમોનો ભાગ રહી ચૂક્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા બાદ ડિંડાએ ખૂબ જ ટૂંકા ગાળામાં રાજકારણમાં પોતાની ઓળખ બનાવી છે.

### રાહુલ ગાંધીનો મોટો આરોપ

# CBSE વિવાદ: ઉત્તરવહીઓ સ્કેન કરવા માટે મોબાઈલ ફોનનો ઉપયોગ થયો?

## રાહુલ ગાંધીએ CBSEને ખિસ્સાકાતરુ સુધી કહી દીધું છે, સાથે જ તેને વિદ્યાર્થીઓ સાથે અન્યાય ગણાવ્યો છે

નવી દિલ્હી, તા.૧

કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી CBSE(કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ) દ્વારા આન્સર શીટની તપાસમાં પૈસા લેવા પર ખરાબ રીતે ભડક્યા છે. રાહુલ ગાંધીએ આ બાબતને લઈને મોદી સરકારને ઘેરી છે. તેમણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર પોતાની નારાજગી વ્યક્ત કરી છે. રાહુલ ગાંધીએ CBSEને ખિસ્સાકાતરુ સુધી કહી દીધું છે. સાથે જ તેને વિદ્યાર્થીઓ સાથે અન્યાય ગણાવ્યો છે. તેમણે CBSE દ્વારા લેવામાં આવી રહેલી ફી અંગે હિસાબ-કિતાબ પણ આપ્યો છે. જ્યારે સ્કેનિંગ ફોનથી થયું હોય, ત્યારે ખોટી માર્કિંગ નક્કી જ છે. અને તેને સુધરાવવાની કિંમત બાળક ચૂકવી રહ્યું છે.


રાહુલ ગાંધીએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર લખતા કહ્યું કે, ખિસ્સાકાતરૂઓથી સાવધાન, આજે તેઓ CBSEની અંદર બેઠા છે. CBSEની ભૂલને કારણે માર્ક્સ ખોટા આવ્યા તો તમને શું મળે છે? એક બિલ જેમાં ડિજિટલ સ્કેન કોપીના ૧૦૦ રૂપિયા પ્રતિ વિષય લાગે છે. વળી રી-ટોટલિંગના ૧૦૦ રૂપિયા પ્રતિ પેપર લાગે છે. આ સિવાય પુનઃમૂલ્યાંકનના ૨૫ રૂપિયા પ્રતિ પ્રશ્ન લાગે છે.

વળી, પોતાની જ આન્સર શીટની સાચી તપાસ માટે એક બાળકને ૨૦૦૦ રૂપિયા સુધી ભરવા પડી શકે છે. વિચારો, જ્યારે ૪ લાખ બાળકોએ આવી અરજીઓ કરી છે. તો CBSE કેટલી કમાણી કરી રહ્યું છે. જ્યારે સ્કેનિંગ ફોનથી થયું હોય, ખોટું માર્કિંગ નક્કી જ છે. અને તેને સુધરાવવાની કિંમત બાળક ચૂકવી રહ્યું છે.

ભૂલ CBSEની, સજા બાળકની, કમાણી સરકારની. રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે શિક્ષણને સેવા નહીં, કારોબાર બનાવી દેવામાં આવે ત્યારે ભૂલ સુધારવામાં નથી આવતી, વધારવામાં આવે છે. અને આની સૌથી મોટી કિંમત આપણા બાળકો ચૂકવી રહ્યા છે. પોતાના સમયથી, પોતાના આત્મવિશ્વાસથી, અને પોતાના ભવિષ્યથી. સીબીએસઈના મે ૨૦૨૫ના ટેન્ડરમાં ઉત્તરવહીઓને સ્વચાલિત રોબોટિક સ્કેનરથી સ્કેન કરવાની શરત હતી, જેમાં બાઈન્ડિંગ સુરક્ષિત રાખવાની હતી અને ન્યૂનતમ ૩૦૦ રિઝોલ્યુશન પર સ્કેનિંગ આવશ્યક હતું. ઓગસ્ટમાં ફરીથી જાહેર કરાયેલા ટેન્ડરમાં ચૂપચાપ આ બધું હટાવી દેવામાં આવ્યું. સ્કેનર શબ્દ સામાન્ય થઈ ગયો. રિઝોલ્યુશન ઘટીને ૨૦૦ ડીપીઆઈ થઈ ગયું. હવે આપણને ખબર પડી ગઈ છે કે વ્યવહારમાં તેનો અર્થ શું હતો. આ ખુલ્લું પડી ગયું છે કે COEMPT એ મોબાઈલ ફોનનો ઉપયોગ કરીને ઉત્તરવહીઓને સ્કેન કરી.

ધૂંધળી નકલો, ગાયબ પાના, સ્કેન ન થયેલી પુસ્તિકાઓ - આ ભૂલો નથી. આ એક વેન્ડરના હિતમાં લખાયેલા કોન્ટ્રાક્ટનું અપેક્ષિત પરિણામ છે. આ છેતરપિંડી છે. અને દરેક બાળક જેના ગુણ ખોટી રીતે મૂલ્યાંકન કરવામાં આવ્યા છે, તે તેનો ભોગ બન્યું છે. આજે સવારે વડાપ્રધાન પાસે કેરીઓ વિશે બોલવાનો સમય હતો. તેમની પાસે તે ૧૮.૫ લાખ બાળકો વિશે બોલવાનો સમય નથી જેમની ઉત્તરવહીઓને ફોનથી સ્કેન કરવામાં આવી હતી. ધર્મેન્દ્ર પ્રધાનજી હજુ પણ પોતાના પદ પર છે. મોદીજીનું મૌન હવે ઉદાસીનતા નથી. આ મિલીભગત છે.

# ધારીની શિવનગર સોસાયટીમાં ઉજવાયો કૃષ્ણ ભકિત ઉત્સવ





ધારી, તા.૧

પવિત્ર પુરૂષોત્તમ માસ નિમિત્તે ધારીની શિવનગર સોસાયટી ખાતે એક ભવ્ય અને ભાવસભર કૃષ્ણ ભક્તિ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં સમગ્ર સોસાયટીના રહીશોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. શિવનગર મહિલા મંડળની બહેનો દ્વારા પરમ કૃપાળુ પરમાત્મા પુરૂષોત્તમ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રની ગોપીભાવે ભાવપૂર્વક આરાધના કરવામાં આવી હતી.

ઉત્સવને ભક્તિમય બનાવવા માટે સોસાયટીની બહેનોએ રાધા – કૃષ્ણ અને ગોપીઓની સુંદર વેશભૂષા ધારણ કરી હતી અને રાસ – ગરબા તેમજ ભજનો દ્વારા પ્રભુનું સ્મરણકર્યું હતું.શિવનગર સોસાયટીમાં પુરૂષોત્તમ માસ દરમિયાન પવિત્ર શ્રી સંકલ્પસિદ્ધ હનુમાનજી મંદિરના સાંનિધ્યમાં દરરોજ ગોરમાં અને ભગવાન પુરૂષોત્તમની પૂજા અર્ચના યોજાઈ રહી છે.

આ આયોજનથી સમગ્ર શિવનગર સોસાયટીનું વાતાવરણ કૃષ્ણમય અને ભક્તિસભર બની ગયું છે.

### આર્થિક મોરચે ખૂબ જ ઉત્સાહજનક અને મોટા સમાચાર

# મે મહિનામાં GST વસૂલાતમાં ૧૬ ટકાનો વધારો, રાષ્ટ્રીય સરેરાશ કરતા વધારે

અમદાવાદ,તા.૧

ગુજરાત માટે આર્થિક મોરચે ખૂબ જ ઉત્સાહજનક અને મોટા સમાચાર સામે આવ્યા છે. રાજ્યની કર વસૂલાતમાં ચાલુ નાણાકીય વર્ષના મે-૨૦૨૬ મહિનામાં મજબૂત વૃદ્ધિ નોંધાઈ છે. ગુજરાત રાજ્ય કર વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડા અનુસાર, માત્ર મે મહિનામાં રાજ્યની ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST)ની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે. ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ આ વર્ષે ગુજરાતની જીએસટી આવકમાં ૧૬ ટકાનો બમ્પર ઉછાળો જોવા મળ્યો છે.મે મહિનામાં માત્ર GST થી રૂ. ૭,૨૬૨ કરોડની આવક:મળતી માહિતી મુજબ, મે-૨૦૨૬ ના મહિનામાં ગુજરાત સરકારને જીએસટી હેઠળ કુલ રૂ ૭,૨૬૨ કરોડની અધધ આવક થઈ છે. આ વૃદ્ધિ દર એટલા માટે મહત્વનો છે, કારણ કે રાષ્ટ્રીય સ્તરે સરેરાશ જીએસટી વૃદ્ધિ દર માત્ર ૩.૨ ટકા રહ્યો છે, જેની સરખામણીએ ગુજરાતે ૧૬ ટકાના ગ્રોથ રેટ સાથે દેશભરમાં પોતાની આર્થિક મજબૂતીનો પરચો આપ્યો છે.રાજ્ય કર વિભાગને કુલ રૂ. ૧૦,૯૯૮ કરોડની કમાણી, જીએસટી ઉપરાંત રાજ્ય સરકારને અન્ય વેરાઓમાંથી પણ મબલક આવક થઈ છે. કર વિભાગના સત્તાવાર આંકડાઓ અનુસાર:

વેટ (VAT): રૂ. ૨,૭૧૭ કરોડની આવક

વીજ શુલ્ક (Electricity Duty): રૂ. ૯૯૮ કરોડની આવક

વ્યવસાય વેરો (Professional Tax): રૂ. ૨૨ કરોડની આવક,આ તમામ સ્રોતોને ભેગા કરતાં, ગુજરાત રાજ્ય કર વિભાગને મે મહિનામાં કુલ રૂ. ૧૦,૯૯૮ કરોડની અધધ આવક પ્રાપ્ત થઈ છે. આ મજબૂત કર વસૂલાત દર્શાવે છે કે, રાજ્યમાં વેપાર-ઉદ્યોગ અને આર્થિક પ્રવૃત્તિઓ રોકેટ ઝડપે આગળ વધી રહી છે. કરચોરી અટકાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ અને તંત્રની કડક દેખરેખ પણ આ રેકોર્ડબ્રેક આવક માટે મુખ્ય પરિબળ સાબિત થયા છે.

### સેન્ટર અલગ-અલગ જગ્યાએ ફાળવાતા વિરોધ

# વસતી ગણતરીના પહેલા જ દિવસે ફિયાસ્કો, કીટ ન મળતા શિક્ષકો રોષે ભરાયા

## સુરત શહેરમાં વસ્તી ગણતરીની પ્રક્રિયા માટે ૧૦૮૦૦ ગણતરીદાર અને ૧૮૦૦ સુપરવાઈઝર સહિતનો વિશાળ સ્ટાફ નક્કી કરવામાં આવ્યો છે

અમદાવાદ,તા.૧

ગુજરાતભરમાં આજથી વસતી ગણતરી કાર્યક્રમના પ્રથમ તબક્કાનો પ્રારંભ થવા જઈ રહ્યો હતો, પરંતુ સુરતમાં શરૂઆત થાય તે પહેલાં જ મોટો વિવાદ સામે આવ્યો છે. સુરતના મોટાભાગના વિસ્તારોમાં વસ્તી ગણતરીની કામગીરી પ્રથમ દિવસે જ ખોરવાઈ ગઈ છે. આ મહત્વપૂર્ણ કામગીરી માટે નિયુક્ત કરાયેલા કર્મચારીઓ અને શિક્ષકોને જરૂરી વસ્તી ગણતરીની 'કીટ' જ ન મળતા તેમણે કામ શરૂ કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે, જેના કારણે કરોડોના આ પ્રોજેક્ટના પ્રારંભે જ ધબડકો થયો છે.

સુરત શહેરમાં વસ્તી ગણતરીની પ્રક્રિયા માટે ૧૦૮૦૦ ગણતરીદાર અને ૧૮૦૦ સુપરવાઈઝર સહિતનો વિશાળ સ્ટાફ નક્કી કરવામાં આવ્યો છે. આ કર્મચારીઓએ આગામી ૩૦ જૂન સુધીમાં નાગરિકોના આવાસની સ્થિતિ, કુટુંબની વિગત, પીવાના પાણીનો સ્રોત અને શૌચાલયની સુવિધા સહિતના ૩૩ પ્રશ્નો પૂછીને ફોર્મ ભરવાના છે.જો કે વહીવટી તંત્રની ગંભીર બેદરકારીને કારણે સમયસર કીટ ન પહોંચતા શિક્ષકોમાં ભારે નારાજગી વ્યાપી છે. શિક્ષકોનું કહેવું છે કે સમયસર કામ શરૂ ન થવાને કારણે છેલ્લા દિવસોમાં તેમના પર વર્ક લોડ અસહ્ય વધી જશે.

બીજી તરફ, શાળાઓનું વેકેશન પણ ખુલવાની તૈયારીમાં છે, ત્યારે શિક્ષકોએ પોતાની જૂની પડતર માંગણીઓને લઈને પણ મોરચો માંડ્યો છે. શિક્ષકોએ માગ કરી છે કે 'એક શિક્ષક એક બ્લોક'ની નીતિ અપનાવવામાં આવે. આ ઉપરાંત સગર્ભા મહિલાઓ, પ્રસૂતિ કરાવી ચૂકેલી અને મેડિકલ ઈમરજન્સી ધરાવતી મહિલા કર્મચારીઓને આ વસ્તી ગણતરીની અતિ ભારે કામગીરીમાંથી બાકાત રાખવામાં આવે.તેમજ કર્મચારીઓને તેમની શાળા અથવા રહેણાંક વિસ્તારની નજીકના સેન્ટરો ફાળવવાની માગ પણ તંત્ર દ્વારા પૂરી ન કરાતા વિરોધ વધુ ઉગ્ર બન્યો છે. જુદી જુદી જગ્યાએ સેન્ટરો ફાળવાતા અને કીટ વગર કામગીરી અટકી પડતા સુરતમાં વસ્તી ગણતરીના પ્રથમ દિવસે જ વહીવટી તંત્રના આયોજનના ધજાગરા ઉડ્યા છે.

# સુપા (નવસારી) ની આંખની હોસ્પિટલ માટે જગદીશ ત્રિવેદીએ ૪ કરોડ રૂપિયા એકત્ર કર્યા



સુરત અને નવસારી પાસે આવેલા સુપા નામના ગામમાં શ્રી સ્વામી વિવેકાનંદ નેત્ર મંદિર ટ્રસ્ટ (SVNMT) સંચાલિત એક આંખની હોસ્પિટલ આવેલી છે. જયાં ડો. ભાવિન પટેલ નામના રેટિનાનાં સ્પેશિયલીસ્ટ યુવાન ડોક્ટરે બહુ મોટો સેવાયજ્ઞ શરૂ કર્યો છે. એમને એમના મિત્ર ડો. ભાવિન ભુવાનો સહયોગ મળ્યો અને પછી તો લોકો જોડાતા જ ગયા. આ હોસ્પિટલમાં આશરે પાંત્રીસ હજાર જેટલાં મફત ઓપરેશન થઈ ગયાં છે અને અનેક ગરીબોને પોતાની આંખોની રોશની પાછી મળી છે. ડો. ભાવિન પટેલનું સ્વપ્ન છે કે જે લોકોનો અંધાપો ઓપરેશનથી દૂર થઈ શકે એવો એકપણ માણસ ભારતમાં અંધ ન રહેવો જોઈએ. પૂજય મોરારિબાપુએ આ હોસ્પિટલનાં ગ્રાઉન્ડ ફલોરનું ઉદ્ઘાટન કર્યુ છે અને આગામી પાંચ ડીસેમ્બર ૨૦૨૬ થી ૧૩ ડીસેમ્બર ૨૦૨૬ સુધી આ હોસ્પિટલ માટે સુપા ગામમાં એમણે પોતાની રામકથાપણ આપી છે. ગુજરાતના ગૌરવ સમાન હાસ્યકલાકાર અને ઉમદા સમાજસેવક ડો જગદીશ ત્રિવેદીએ આ બન્ને ડોક્ટરને કહ્યું કે આપ બન્ને જો અમેરીકા આવો તો હું આપની હોસ્પિટલ માટે આપ કહો એટલાં કાર્યક્રમો તદ્દન નિઃશુલ્ક કરી આપું અને આ બન્ને ડોક્ટર બીજા બે સમર્પિત સેવક સાથે અમેરીકા આવ્યા અને મે માસમાં અમેરીકાના ત્રણ જુદા જુદા શહેરામાં કુલ ચાર કાર્યક્રમનું આયોજન કર્યુ. આ ચાર કાર્યક્રમમાંથી આ હોસ્પિટલને કુલ ચાર લાખ ત્રીસ હજાર ડોલર એટલે કે ભારતના ચાર કરોડ રૂપિયા દાનમાં પ્રાપ્ત થયા હતા. ડલ્લાસના બે કાર્યક્રમમાં દીનેશ પટેલ, ધીરૂભાઈ બાબરીયા, સાન હોજેના કાર્યક્રમમાં ભરત પટેલ, મહેન્દ્ર પટેલ અને સંજય પટેલ તેમજ લોસ એન્જલસના કાર્યક્રમમાં ચતુરભાઈ પટેલ, હર્ષિત પટેલે ખૂબ જહેમત ઉઠાવી હતી. જગદીશ ત્રિવેદી પોતાના ત્રણ માસના રોકાણ દરમિયાન અમેરીકા અને કેનેડામાં આશરે બાવીસ જેટલાં કાર્યક્રમો આપી ગુજરાતની ઘણી બધી સંસ્થાઓને પોતાની ઈશ્વરદત્ત કળા દ્વારા બહું મોટી રકમ દાનમાં અપાવી રહ્યા છે. (તસવીરમાં ડો. ભાવીન પટેલ, ડો. ભાવીન ભુવા, વિશાળ પ્રેક્ષકગણ અને જગદીશ ત્રિવેદી પોતાની લાક્ષણિક અદામાં જોવા મળે છે.)

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં

બહાર રાખેલ કોપર વાયર આશરે ૨૮૦ ફુટ જેની કિંમત રૂપિયા ૨૮,૦૦૦નો જે કોપર વાયર ગઇ તા. ૩૦ના સાંજના આશરે સાડા પાંચેક વાગ્યાથી તા. ૩૧ના સવારના આશરે સાડા આઠેક વાગ્યા દરમ્યાન કોઇ અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદેસર રીતે વાડીમાં પ્રવેશ કરી ચોરી કરી લઇ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં અમરેલી લાઠી રોડ, ગંગાવિહાર સોસાયટી બ્લોક નં. ૬૦માં રહેતા અરવિંદભાઇ નાનજીભાઇ દેસાઇ નામના ૬૧ વર્ષીય ખેડુતની અમરેલી બાયપાસ ચોકડી ટ્રેકટરના શો રૂમની સામે આવેલ વાડીએથી સબમર્શીબલ મોટરની સાથેનો દારની બહાર રાખેલ ફોર એમ.એમ.નો કોપર વાયર આશરે ૨૫૦ ફુટ જેટલો તથા ફોર એમ.એમ.નુ આશરે ૪૦૦ ફુટનુ કેબલ વાયરનુ જુનુ બંડલ જેની આશરે કિંમત રૂ. ૧૨,૦૦૦નો તથા બંધ હાલતના સીલીંગફેન બંધ હાલતના કિંમત રૂા. ૧૫૩૦૦ની કિંમતની ચીજ વસ્તુ ગઇ તા. ૨૦/૫ ના આશરે ૧૨:૩૦ થી ૧:૩૦ વાગ્યા દરમ્યાન કોઈ ચોર ઈસમ ગેરકાયદેસર રીતે વાડીમાં પ્રવેશ કરી ચોરી કરી લઇ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં ખાન ખીજડીયા ગામે

આવતી જોવા મળી રહી છે. વડિયાએ વસવાટ કરી ખેત મજૂરી કરતા ખેત મજુર પરીવાર બારીયા મગનભાઈ ચીમનભાઈના દિકરો અને દિકરી બંને રમી રહ્યા હતા અને તેમના પિતા પાણી વાળી રહ્યા હતા ત્યારે માનવભક્ષી ।નો આવી જતા દીકરા રોમિતને બાચકા ભરીને ઉપાડી ગયા જયારે દિકરી બીકથી બેરલમાં કૂદી જતા દિકરા રોમિત ઉંમર વર્ષ સાતનુ ઘટના સ્થળે જ મૃત્યુ નીપજયું હતું આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાતો જોવા મળી રહ્યો છે. ત્યારે હવે આ માનવભક્ષી ।નોને કયારે પકડીને પીંજરામાં પુરવા આવશે કે પછી હજુ કોઈ નિર્દોષ બાળકનો ભોગ લેવાય તેની રાહ જોવાઈ રહી છે ? આવા વેધક સવાલો ખેત મજૂરો અને ખેડૂતો દ્વારા કરવામાં આવી રહ્યા છે. ત્યારે આ માનવભક્ષી ।નો એ બે બાળકોના ભોગ લીધા છે અને બે બાળકોને ગંભીર રીતે ઘાયલ કર્યા હતા. ત્યારે હવે ખાન ખીજડીયા ગામમાં ખેત મજુર પરિવારો પર જાણે ।નોનો આતંક છવાતો હોય તેમ એક પછી એક બાળકોનો ભોગ લેવામાં આવી રહ્યો છે. ત્યારે આ બાબતે તંત્ર તુરંત કાર્યવાહી કારે તેં ખુબ જરૂરી છે. હવે જોવાનું એ રહ્યું કે શું આ બાબતે તંત્ર જાગીને આ માનવભક્ષી કુતરાઓને પીજરે પૂરશે કે પછી હજુ કોઈ નિર્દોષ બાળકનો ભોગ લેવાય તેની રાહ જોશે તેં તો આવનારો સમય જ બતાવશે પરંતુ હાલ ખાન ખીજડીયા ગામે બીજા નિર્દોષ બાળકનો ભોગ માનવભક્ષી ।નોએ લીધો છે અને સમગ્ર પંથકમાં આ ।નોના આતંકથી ભયનો માહોલ છવાતો જોવા મળી રહ્યો છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૯૦ | ૧૫૯૦ |
| ૨ | શિંગદાણા | ૧૬૭૦ | ૧૮૨૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૦૪૦ | ૧૭૧૦ |
| ૪ | તલ સફેદ | ૧૧૦૦ | ૨૪૭૦ |
| ૫ | તલ કાળા | ૨૧૯૦ | ૩૬૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૧૦૦ | ૨૩૧૫ |
| ૭ | બાજરો | ૪૪૫ | ૪૫૫ |
| ૮ | જુવાર | ૪૫૫ | ૧૦૧૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૬૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૯૦ |
| ૧૧ | મકાઈ | ૪૧૫ | ૪૯૫ |
| ૧૨ | મગ | ૧૩૩૦ | ૧૬૬૫ |
| ૧૩ | અડદ | ૯૨૫ | ૧૬૧૦ |
| ૧૪ | ચણા | ૮૯૦ | ૧૧૭૫ |
| ૧૫ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૩૫ |
| ૧૬ | છોલે ચણા | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૧૭ | ચોળી | ૧૧૭૦ | ૧૧૭૦ |
| ૧૮ | તુવેર | ૮૪૦ | ૧૫૬૦ |
| ૧૯ | વાલ | ૧૦૦૦ | ૧૩૩૦ |
| ૨૦ | કપાસ | ૧૦૨૫ | ૧૮૭૦ |
| ૨૧ | એરંડા | ૧૧૦૦ | ૧૨૯૦ |
| ૨૨ | જીરૂ | ૨૨૦૦ | ૩૭૯૫ |
| ૨૩ | રાય | ૧૧૫૦ | ૧૫૮૦ |
| ૨૪ | ધાણા | ૨૪૨૫ | ૨૪૨૫ |
| ૨૫ | ધાણી | ૨૦૦૦ | ૨૫૧૦ |
| ૨૬ | મેથી | ૧૧૫૦ | ૧૪૨૫ |
| ૨૭ | સોયાબીન | ૧૨૫૫ | ૧૪૪૫ |
| ૨૮ | વરીયાળી | ૧૩૩૦ | ૧૫૦૦ |
| ૨૯ | સૂર્યમુખી | ૧૦૫૫ | ૧૦૫૫ |
| ૩૦ | કલોંજી | ૧૦૧૦ | ૨૯૭૦ |

## પવિત્ર અધિક માસ નિમિત્તે
# બાબરાની વડલીવાળી મેલડીધામે ભગવાન શ્રી નૃસિંહનો દિવ્ય શણગાર
### ભાવિકોમાં ભક્તિમય માહોલ ઉભો થયો

બાબરા, તા. ૧

પવિત્ર અધિકમાસ નિમિત્તે બાબરા સ્થિત શ્રી વડલીવાળી મેલડી માતાજીનાં મંદિરે ભગવાન શ્રી નૃસિંહનો અદભુત અને દિવ્ય શણગાર કરવામાં આવતા સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠયું હતું. પૂનમનાં પાવન દિવસે માતાજીનાં પરમ ઉપાસક રાજુભાઈ જેઠવા દ્વારા વિશેષ ભાવપૂર્વક ભગવાન શ્રી નૃસિંહનો અનુપમ શણગાર કરવામાં આવ્યો હતો.

ભગવાનનાં આકર્ષક અને અલૌકિક સ્વરૂપના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિર ખાતે ઉમટી પડયા હતા. ભક્તોએ ભગવાનનાં દિવ્ય દર્શન કરી ધન્યતા અનુભવી હતી તેમજ સમગ્ર વાતાવરણમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ જોવા મળ્યો હતો.

મંદિર ખાતે દિવસભર ભાવિકોની અવરજવર રહી હતી અને



અનેક ભક્તોએ અધિકમાસનાં પાવન અવસરે ભગવાન શ્રી નૃસિંહ તથા વડલીવાળીમેલડી માતાજીનાં આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. દિવ્ય શણગારનાં દર્શન કરનાર ભાવિકોએ આ ધાર્મિક આયોજનની સરાહના કરી હતી.

આ પ્રસંગે મંદિર પરિસરમાં વિશેષ ભક્તિમય માહોલ સર્જાયો હતો અને પૂનમના પવિત્ર દિવસે થયેલા આ દિવ્ય શણગારથી ભાવિકોમાં અનોખો ઉત્સાહ અને આનંદની લાગણી પ્રસરી હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી નાગરિક સહકારી બેન્કનાં

મુજબ કાયદેસરની કાર્યવાહી કરવાનો બેંકનો અધિકાર હોય અને અગાઉ પણ આ દિશામાં કડક પગલા ભરતા અમરેલી નાગરિક સહકારી બેંક બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરી હતી ત્યારે વધુ એક વખત અમરેલી નાગરિક સહકારી બેંકના દિર્ઘદ્રષ્ટા પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર અજયભાઈ નાકરાણીએ યુવરાજસિંહ દાદુભા જાડેજા વિરૂધ્ધ ધી. નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો આ કાયદા હેઠળ થતા આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદ્દે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના મહે. પ્રિન્સીપાલ સિનિયર સિવીલ જજ અને એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા ચેકની રકમ રૂા. ૧,૦૦,૦૦૦/– વળતર પેટે હુકમની તારીખથી બે માસમાં ચુકવવાનો હુકમ તથા સદર રકમ ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ ત્રણ માસની સાદી કેદની સજાનો તા. ૨૭/૦૫/૨૦૨૬ના રોજ હુકમ કરેલ છે. જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી. ચાવડા અને અજયભાઈ જે રાઠોડ રોકાયેલ હતા. તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવું બેંક એમ.ડી. (સી.ઈ.ઓ.) દિલીપભાઈ ધોરાજીયા તેમજ મેનેજર સંજયભાઈ રાજપરાની યાદીમાં જણાવ્યુ છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૨૦ | ૧૫૩૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૧૧ |
| ૩ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૮૧૧ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૮૦ |
| ૫ | તલ કાળા | ૩૧૦૦ | ૩૫૫૧ |
| ૬ | જીરૂ | ૨૩૦૫ | ૩૬૪૨ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૮૦૧ |
| ૮ | ઘઉં લોકવન | ૪૨૫ | ૪૮૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૪૦ | ૪૯૪ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૬૫૦ | ૧૧૫૦ |
| ૧૨ | મકાઈ | ૩૫૦ | ૫૨૦ |
| ૧૩ | મગ | ૧૩૦૦ | ૧૬૧૦ |
| ૧૪ | અડદ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૧૫ | ચણા | ૧૦૫૦ | ૧૧૮૫ |
| ૧૬ | દેશી ચણા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| ૧૭ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૧૮ | એરંડી | ૧૦૦૦ | ૧૨૫૦ |
| ૧૯ | મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૨૦ | રાય/રાયડો | ૧૧૫૦ | ૧૩૨૦ |
| ૨૧ | ધાણા | ૧૫૦૦ | ૨૩૦૦ |
| ૨૨ | સોયાબીન | ૧૨૦૦ | ૧૪૫૦ |

# જાફરાબાદ : રાજપૂત સમાજના શકિતસિંહ જાડેજાનો જન્મદિવસ

અમરેલી, તા. ૧

સૌરાષ્ટ્ર અને ગુજરાત રાજપૂત સમાજના યુવા અગ્રણી અને આશાપુરા એન્ટરપ્રાઈઝ રાજકોટ વાળા શકિતસિંહ જાડેજાનો આજે જન્મદિવસ છે જાફરાબાદના સ્થાનિક એવા શકિતસિંહ જાડેજાએ જીવનને સેવાનો મંત્ર બનાવીને કામધેનુ ગૌશાળાના ગૌસેવક તરીકે કાર્યો કરીને ગૌભકત તરીકે ઉભરી આવ્યા હતા નેતૃત્વ શકિતના ગુણને કારણે રાજકોટમાં પણ રેલનગરના ભાણુંભા કહેવાતા શકિતસિંહ જાડેજાએ આજે ૩૩ વર્ષ



પૂર્ણ કરી ૩૪માં વર્ષમાં મંગળ પ્રવેશ કરતા શકિતસિંહ જાડેજાના મોબાઈલ ૯૯૦૯૦ ૦૭૯૨૬ પર અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# બાબરાનાં નિવૃત્ત શિક્ષક મહેશભાઈ ત્રિવેદીનો જન્મદિવસ

અમરેલી, તા. ૧

બાબરાના શિક્ષક મહેશભાઈ ત્રિવેદી જન્મદિવસ હોય ત્યારે તેમના સગા સંબંધી તેમજ પહોળી સંખ્યા તેમના મિત્રો દ્વારા મહેશભાઈ ત્રિવેદી શુભેચ્છા પાઠવવામાં આવી રહી છે મહેશભાઈ ત્રિવેદીએ ૭૦ વર્ષ પૂર્ણ કરી ૭૧ વર્ષમાં પ્રવેશ કર્યો છે મહેશભાઈ ત્રિવેદીનું અનેકવાર જુદી જુદી સંસ્થાઓ દ્વારા



સન્માન કરવામાં આવ્યું છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૩૮૦ | ૧૪૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૫ | ૪૭૦ |
| ૩ | ચણા | ૧૦૩૧ | ૧૧૫૯ |
| ૪ | ધાણા | ૧૯૦૦ | ૨૩૦૦ |
| ૫ | મગ | ૧૪૭૦ | ૧૫૦૬ |
| ૬ | તલ સફેદ | ૧૮૦૧ | ૨૨૦૦ |
| ૭ | તલ કાળા | ૧૮૩૦ | ૩૨૦૦ |
| ૮ | એરંડા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૯ | કલોંજી | ૧૮૧૧ | ૩૦૫૦ |
| ૧૦ | ચોળી | ૮૩૦ | ૮૩૦ |
| ૧૧ | શીંગ ફાડા | ૧૫૫૧ | ૧૬૪૫ |
| ૧૨ | મેથી | ૧૦૪૦ | ૧૨૭૫ |
| ૧૩ | રાઈ | ૧૨૫૫ | ૧૨૫૫ |
| ૧૪ | સોયાબીન | ૧૨૩૫ | ૧૨૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૫ | ૧૧૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૧૫ | ૪૫૨ |
| ૩ | મકાઈ | ૫૦૦ | ૫૪૬ |
| ૪ | જુવાર | ૮૧૧ | ૮૧૧ |
| ૫ | તુવેર | ૧૨૯૪ | ૧૩૧૩ |
| ૬ | ચણા | ૮૦૦ | ૧૧૫૬ |
| ૭ | વાલ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | ધાણા | ૧૮૦૦ | ૨૩૮૫ |
| ૯ | ચણા સફેદ | ૯૮૨ | ૧૦૪૪ |
| ૧૦ | મગ | ૧૩૫૦ | ૧૫૭૧ |
| ૧૧ | સોયાબીન | ૧૨૦૦ | ૧૪૧૩ |
| ૧૨ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૧૬૪ |
| ૧૩ | લસણ | ૭૯૦ | ૭૯૦ |
| ૧૪ | શીંગ દાણા | ૧૧૮૫ | ૧૮૪૫ |
| ૧૫ | ઘઉં ટુકડા | ૩૮૦ | ૪૪૮ |

## પાના ૧ ઉપરનું ચાલું વડિયાનાં દેવળકી ગામનાં ખેડૂતનાં

૬/૫/૨૬ના રોજ રૂપિયા ૯૬,૦૦૦ ટ્રાન્ફસર કરી લઈ અને ખેડૂત સાથે ઓનલાઈન નાણાકીય છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ બનાવમાં વડિયા તાલુકાના દેવળકી ગામે રામનાથ પરામાં રહેતા અને ખેતી કામ કરતા નિલેશભાઈ પરશોતમભાઈ રોકડ નામના ૪૨ વર્ષીય ખેડૂતના વોટસએપ નંબરમાં ઉતર પ્રદેશમાં આવેલ કાનપુર ગામે રહેતા મહોમત સમીર લીયાકતઅલી નામનાં આરોપીએ એક એ.પી.કે. ફાઈલ મોકલી હતી. અને આ ખેડૂતે એ.પી.કે. ફાઈલ ખોલતા જ આરોપીએ ખેડૂતની મંજુરી વગર આરોપીએ તેમના મોબાઈલ ફોનનું એકસેસ મેળવી લઈ અને ખેડૂતના બેંક ઓફ બોરોડાના એકાઉન્ટ સાથે લીંક ગુગલ પે એપ્લીકેશનના યુ.પી.આઈ. પીનનો ઉપયોગ કરી અને આરોપીએ પોતાના એસ.બી.આઈ.ના બેંક એકાઉન્ટમાં તા. ૬/૫/૨૬ના રોજ રૂપિયા ૯૬,૦૦૦ ટ્રાન્ફસર કરી લઈ અને ખેડૂત સાથે ઓનલાઈન નાણાકીય છેતરપીંડી કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીનાં ચિતલ માર્ગનું કાર્ય

માર્ગનેતોડવામાંઆવતોહતોતે સ્થળને કોર્ડનકરવામાંનઆવી,ધુળનીડમરીઓ અનેપથ્થરોસતતઉડતાહતા.

આ અંગે માર્ગ–મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને પણ રજૂઆતકરવામાંઆવીછતાંનિયમોનું કોઈપાલનનથયું.કાર્યપાલકઈજનેરને માત્રજનતાનાંપરસેવાનાંપૈસાથીતગડો પગાર અને સુવિધા મેળવવામાં જ રસ હોયતેવુંલાગીરહ્યુંછે.

બાદમાં અવધ રેસીડેન્સી સામેબનેલમાર્ગમાંતિરાડપડીગઈતેનું કામ પૂનઃ કરાયુ તો હજુ તે માર્ગ પર આગળ તિરાડ પડી ગઈ છે તેમજ ડીવાઈડરની કામગીરી છેલ્લા ૨ મહિનાથીબંધપડીછે.

કરોડો રૂપિયાનાં ખર્ચે બનતોમાર્ગ કયારેપૂર્ણથશેઅનેકેટલો ટકીશકશેતેવોપ્રશ્નવાહનચાલકોમાંથી ઉભો થયો છે. આ અંગે માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ માર્ગનું કાર્ય ઝડપથી અને તે પણ નિયમોનાં પાલન સાથે કરાવે નહી તો આ અંગે ઉર્જા રાજયમંત્રી કૌશિક વેકરિયાને રજૂઆત કરીને કસુરવાનો સામે કાર્યવાહી કરવાની માંગ કરાશે.

સંકુલ કોલેજ પ્રવેશ ચાલુ
BA - MA – સાયકોલોજી
BA - MA – સોશીયોલોજી
BA - MA – ઈંગ્લીશ
B.Com. - M.Com – ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com – ઈંગ્લીશ મિડીયમ
B.Sc. - M.Sc – માઈક્રોબાયોલોજી
B.Sc. - M.Sc – બાયોટેકનોલોજી
BCA - MCA – કોલેજ (GTU)
BBA - MBA – કોલેજ (GTU)
B.Pharm. - M.Pharm.
B.Ed. - PTC – કોલેજ
PG - DMLT – કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી -Ad088

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ સુપર | ૧૬૪૦ | ૧૯૦૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૧૯૦ | ૧૩૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૨૫૦ |
| ૫ | તલ કાળા | ૨૬૭૦ | ૩૧૯૦ |
| ૬ | જીરૂ | ૨૮૮૦ | ૩૯૦૦ |
| ૭ | ચણા | ૧૧૩૦ | ૧૧૬૦ |
| ૮ | ઘઉં | ૪૭૦ | ૫૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૧ | ૧૩૯૦ |
| ૨ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૩૪૧ |
| ૩ | તલ કાળા | ૧૭૨૫ | ૩૫૭૫ |
| ૪ | કપાસ | ૧૦૧૧ | ૧૮૧૭ |
| ૫ | બાજરો | ૩૩૦ | ૪૮૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૫૧ | ૪૭૬ |
| ૭ | જુવાર | ૫૬૮ | ૧૦૭૦ |
| ૮ | મગ | ૧૨૦૧ | ૧૭૨૦ |
| ૯ | અડદ | ૫૦૦ | ૧૫૫૮ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૧૨ | મેથી | ૧૧૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | સોયાબીન | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૬૭૧ | ૧૬૯૦ |

### સતત ૨ દિવસ સુધી કારનામા કરતાં ગ્રામજનોમાં અસુરક્ષાની લાગણી

# બાબરાનાં ઘુઘરાળા ગામે અસામાજિક તત્વોનો આતંક ખેડૂતની વાડીમાં ચોરી કરી બાદમાં તોડફોડ આદરી

### પીજીવીસીએલનુ મીટર તોડીને બહાદુરી બતાવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧

બાબરા તાલુકાના ઘુઘરાળા ગામે એક ખેડૂતની વાડીને નિશાન બનાવી અસામાજિક તત્વોએ ચોરી અને તોડફોડનો બનાવ આચરતા ગ્રામ્ય વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. સતત બે દિવસ દરમિયાન બનેલી આ ઘટનાથી ખેડૂતોમાં અસુરક્ષાની લાગણી વ્યાપી છે અને જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ઘુઘરાળા ગામના ખેડૂત દામજીભાઈ તાગડીયાની વાડીએ સેપ્રથમ અજાણ્યા શખ્સોએ ઘૂસી જઈ સિમેન્ટની ત્રણ થેલીની ચોરી કરી હતી. જોકે ચોરીથી સંતોષ ન માનતા અસામાજિક તત્વોએ બીજા જ દિવસે ફરી વાડીમાં પ્રવેશ કરી ત્યાં નિર્માણાધીન બેલાના મકાનમાં તોડફોડ મચાવી ભારે નુકસાન પહોંચાડ્યું હતું. મકાનમાં રહેલા બાંધકામના સામાન તેમજ અન્ય વસ્તુઓને પણ નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

ઘટનાની ગંભીરતા ત્યારે વધુ વધી હતી જયારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની (પીજીવીસીએલ) દ્વારા સ્થાપિત વીજ મીટરને પણ તોડી નાંખવામાં આવ્યું હતું. સરકારી મિલકતને નુકસાન પહોંચાડવાની આ હરકતને લઈને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ખેડૂત દામજીભાઈ તાગડીયાને આ બનાવથી આર્થિક નુકસાન ભોગવવાનો વારો આવ્યો છે, જયારે ગામના ખેડૂતોમાં પણ ચિંતાનું વાતાવરણ સર્જાયું છે. ગ્રામજનોએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારોમાં ચોરી અને તોડફોડની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જેથી પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ વધુ સઘન બનાવવાની જરૂર છે.

બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી છે. આસપાસના વિસ્તારોમાંથી માહિતી એકત્ર કરી તેમજ સંદિગ્ધ શખ્સોની ઓળખ મેળવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગ્રામજનોએ જવાબદાર તત્વોને ઝડપી કાયદેસરની કડક સજા થાય તેવી માંગ સાથે ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની અપીલ કરી છે.

### શહેર ભાજપ અને પલિકાનાં પદાધિકારીઓ દ્વારા

# બાબરા ખાતે ધારાસભ્ય જનક તળાવીયાનાં જન્મદિનની ઉજવણી કરાઈ

### ગૌશાળામાં ગૌસેવા દ્વારા પાઠવાઈ શુભેચ્છાઓ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧

બાબરા શહેરમાં ધારાસભ્યના જન્મદિવસ નિમિત્તે શહેર ભાજપ તેમજ નગરપાલિકા દ્વારા સેવાકીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જન્મદિવસની ઉજવણીને સામાજિક અને ધાર્મિક સેવા સાથે જોડતા સ્થાનિક ગૌશાળામાં ગાયો માટે લીલા ઘાસનું દાન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, નગરપાલિકા પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા, મયુરભાઈ રાવલ, ભીખુભાઈ બગડા, શિવુંભાઈ ખાદા, મહેશભાઈ પીપળવા, દેવશીભાઈ મારૂ, રાજુભાઈ વિરોજા સહિતના આગેવાનો, નગરપાલિકાના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો તેમજ કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ગૌમાતાની સેવા કરી ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સુખદ, સ્વસ્થ અને દીર્ઘાયુષ્યપૂર્ણ જીવન માટે શુભકામનાઓ પાઠવી હતી.

શહેર ભાજપ પ્રમુખ દ્વારા જણાવ્યું હતું કે ભારતીય સંસ્કૃતિમાં ગૌસેવાનું વિશેષ મહત્વ રહેલું છે અને જન્મદિવસ જેવા શુભ અવસરોને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે જોડવાથી સમાજમાં સકારાત્મક સંદેશ પ્રસરે છે. કાર્યક્રમ દરમિયાન ગૌશાળાની ગાયોને લીલો ઘાસ ખવડાવી ગૌસેવા કરવામાં આવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજાયો હતો અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના જન્મદિવસની અનોખી ઉજવણીને સ્થાનિક કાર્યકરો અને નાગરિકોએ પણ આવકારી હતી.

### કાળઝાળ ગરમી વચ્ચે નિયમિત વીજળી મળતી નથી

# જાફરાબાદમાં પીજીવીસીએલની બેદરકારીથી અવારનવાર વીજળી ગુલ થતાં શહેરીજનો પરેશાન

### ઉચ્ચ અધિકારીઓ માનવતા ખાતર વીજળી નિયમિત કરે



અમરેલી, તા. ૧

જાફરાબાદ પીજીવીસીએલ દ્વારા અવારનવાર સામાકાંઠાના બંદર વિસ્તારોમાં અનેક વખત લાઈટ ગુલ થઈ જાય છે. અનેક વખત વીજ કાપ કલાકો સુધી રાખવામાં આવે સવારના ૮:૨૫ વાગ્યેથી વીજ કાપ રાખવામાં આવ્યો હતો અંદાજે આઠ કલાક સુધી વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો સાંજના ૪:૦૦ વાગ્યે રાબેતા મુજબ વીજ પુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો ફરી ત્રણ દિવસની અંદર ફરી પી.જી.વી.સી.એલ. દ્વારા તા. ૨૬/૫/૨૬ના રોજ ટીસી રિપેરિંગ માટે લાઈટ કાપ સમય સવારે ૧૦:૦૦ વાગ્યાથી બપોરે ૩:૦૦ વાગ્યા સુધી લાઈટ પુરવઠો બંધ રાખવા આવ્યો હતો તા. ૨૯/૫/૨૬ના રોજ ફરી વાર લાઈટ પુરવઠો રાત્રીના ૯:૦૦ વાગ્યે કાળઝાળ ગરમીમાં ગુલ થયો હતો નાગરિકો દ્વારા પી.જી.વી.સી.એલ.ના કોલ સેન્ટર માં ફોન કરતાં વ્યસ્ત આવતો હોય કલાકો સુધી ફોન વ્યસ્ત બતાવતા અંતે ફોન લાગતા નાગરિકો દ્વારા પુછપરછ કરતા જણાવેલ કે પોલ પડી જવાના લીધે રિપેરિંગ કામગીરી ચાલુ છે.

રાત્રીના ૧૨:૦૦ વાગ્યે લાઈટ ચાલુ કરવામાં આવી હતી ફરી તા. ૩૦/૫/૨૬ના રોજ વિજ પુરવઠો બપોરના સમય ૩:૦૦વાગ્યાના ગાળામાં વિજ પુરવઠો ખોરવાયો હતો સાંજના ૭: ૦૦ વાગ્યે લાઈટ આવી હતી ફરી સાંજના ૭:૪૫ મીનીટમાં લાઈટ ગુલ થઈ ગઈ હતી રાત્રીના ૮:૦૦ વાગ્યે લાઈટ આવી હતી તેવામાં ફરી તા. ૩૦/૫/૨૬ના રાત્રીના ૧૧:૩૧ વાગ્યાના અરસામાં લાઈટ ગુલ થઈ ગઈ હતી ૧૨:૩૨ વાગ્યે લાઈટ આવી હતી ફરી તા. ૩૧/૫/૨૬ના રોજ સવારે ૬:૩૧ વાગ્યે લાઈટ ગુલ થઈ ગઈ હતી કલાકો સુધી પછી સવારના ૯:૨૫ લાઈટ આવી હતી ફરી રાત્રીના ૧૨:૫ વાગ્યે લાઈટ ગુલ થઈ ગઈ હતી પીજીવીસીએલ ની લાલીયાવાડી ના કારણે હ્રદય રોગના દર્દીઓ તથા નાના બાળકો લાઈટ ગુલ થઈ જતાં પરેશાનીનો સામનો કરવો પડ્યો હતો.

### સમગ્ર પંથકની જનતામાં ખુશીનો માહોલ

# અરે વાહ : લીલીયા મોટાથી અમદાવાદ રૂટ ઉપર એસ.ટી.બસ સેવાનો પ્રારંભ

### ધારાસભ્ય મહેશ કસવાલાનો સૌએ આભાર માન્યો



લીલીયા મોટા, તા.૧

લીલીયા વિસ્તારના નાગરિકોની લાંબા સમયની રજૂઆતો અને માંગણીને ધ્યાને લઈને, સાવરકુંડલા – લીલીયા – અમદાવાદ (કૃષ્ણનગર) નવી એસ.ટી. બસ સેવાનો તા.૧/૬/૨૦૨૬ ની વહેલી સવારે ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાળા દ્વારા ગુજરાત રાજય માર્ગ પરિવહન નિગમ (GSRTC) સમક્ષઆ અંગે સચોટ રજૂઆત કરવામાં આવી હતી, જેના પરિણામે આ અગત્યનો રૂટ મંજૂર થતાં વિસ્તારના લોકોમાં ખુશીનો માહોલ છે.

આજ રોજ વહેલી સવારે નવી નકોર એસ.ટી. બસ લીલીયા મુકામે આવી પહોંચતા, લીલીયા તાલુકા ભાજપના મહામંત્રી ગૌતમભાઈ વિછીયા, જીગ્નેશ ઝિંઝુવાડીયા, ભીખાભાઈ ધોરાજીયા, ભનુભાઈ ડાભી, આનંદ ધાનાણી, એસ.પી ભડકોલીયા, કમલેશ બાપુ અગ્રાવત, વિજય ગજેરા, પ્રગ્નેશ રામાણી, ભાસ્કરભાઈ પટેલ, કેપ્ટન ધામત, પ્રવિણ ચોપડા, ભીખાભાઈ ધારૈયા, સુરેશ મારૂં, મનસુખભાઈ ગાંગડિયા, આર.બી.ભાલાળા સહિતના પદાધિકારીઓ, કાર્યકરો, સ્થાનિક વેપારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ એકઠા થઈને બસને લીલી ઝંડી આપી ઉત્સાહભેર પ્રસ્થાન કરાવ્યું હતું. આ તકે ઉપસ્થિત આગેવાનોએ વિસ્તારના વેપારીઓ, દર્દીઓ અને સામાન્ય મુસાફરોને આ સરકારી બસ સેવાનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો આ બસ દરરોજ વહેલી સવારે ૬ કલાકે સાવરકુંડલાથી કૃષ્ણનગર જવા રવાના થશે.

આ બસ સાવરકુંડલાથી ઉપડી વાયા અમૃતવેલ પાટિયું, સાવર, શેઢાવદર, ભુવા, નાનાલીલીયા, પુંજાપાદર, લીલીયા મોટા, સનાળીયા, હાથીગઢ, ખારા, ગુંદરણ, દામનગર, ઢસા, ગઢડા બોટાદ થઈ આ બસ કૃષ્ણનગર (અમદાવાદ) પહોંચશે જયારે પરત આવવાનો સમય કૃષ્ણનગરથી આ બસ બપોરે ૨ કલાકે સાવરકુંડલા આવવા માટે રવાના થશે, જે રાત્રે અંદાજે ૯ : ૩૫ મિનિટે સાવરકુંડલા મુકામે પરત ફરશે.

આ અતિ મહત્વની બસ સેવા શરૂ કરાવવા બદલ લીલીયા તાલુકા ભાજપ પરિવાર, વેપારી મંડળ અને સમગ્ર જનતાએ લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાળાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે. આ બસ શરૂ થવાથી રોજગારી, શિક્ષણ, ડાયમંડના વેપારીઓ અને આરોગ્યના કામ અર્થે અમદાવાદ તરફ જતા લોકોને હવે સીધી અને સસ્તી અને સુરક્ષિત પરિવહન સેવા મળી રહેશે તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### નગરસેવક મહેશભાઈ પીપળવાની આગેવાનીમાં

# બાબરામાં વોર્ડ નં. ૩માં સ્વચ્છતા અભિયાન તેજ બન્યું

### સ્થાનિકોમાં ખુશીનો માહોલ છવાયો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧

બાબરા શહેરના નગરપાલિકા વોર્ડ નં. ૩ વિસ્તારમાં સ્વચ્છતા અને જનસુવિધાને પ્રાથમિકતા આપતા સ્થાનિક નગરસેવક મહેશભાઈ પીપળવાના માર્ગદર્શન હેઠળ વ્યાપક સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વોર્ડ વિસ્તારમાં લાંબા સમયથી રહેલી ભૂગર્ભ ગટરની સમસ્યાઓના નિરાકરણ માટે ખાસ કામગીરી કરવામાં આવી રહી છે.

આ અભિયાન અંતર્ગત ભૂગર્ભ ગટરના નાળાઓની સફાઈ, અવરોધો દૂર કરવા તેમજ ગંદકીના કાયમી નિકાલ માટે જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. જેના પરિણામે સ્થાનિક રહેવાસીઓને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

નગરસેવક મહેશભાઈ પીપળવા દ્વારા વોર્ડના વિવિધ વિસ્તારોમાં સતત દેખરેખ રાખી સફાઈ કામગીરીને ગતિ આપવામાં આવી રહી છે. જનસમસ્યાઓને પ્રાથમિકતાના ધોરણે ઉકેલવા અને વિકાસલક્ષી કામગીરીને વેગ આપવા માટે તેઓ સતત સક્રિય રહેતા હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

વોર્ડ નં. ૩માં ચાલી રહેલી આ કામગીરી એક જાગૃત અને જવાબદાર જનપ્રતિનિધિના ઉત્તમ કાર્યનું ઉદાહરણ પૂરૂં પાડી રહી છે. સ્થાનિક રહેવાસીઓએ પણ સફાઈ અને ગટર સમસ્યાના નિરાકરણ માટે હાથ ધરાયેલી કામગીરીને આવકારી નગરસેવક મહેશભાઈ પીપળવાના પ્રયાસોની પ્રશંસા કરી છે.

### પર્યાવરણવિદો દ્વારા

# સિંહ સંરક્ષણનો સંપૂર્ણ અહેવાલ જાહેર કરવા માંગ

### વન વિભાગે પારદર્શિતા જાળવવી જરૂરી



અમરેલી, તા. ૧

ગુજરાતમાં એશિયાઈ સિંહો ઉપર કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ એટલે કે સીડીવીનો ખતરો તોળાઈ રહ્યો છે. તેનાથી અનેક સિંહો સંક્રમિત થયા છે.વન વિભાગ દ્વારા થઈ રહેલી કામગીરી અને સિંહોના સંરક્ષણ માટેનો સંપૂર્ણ અહેવાલ જાહેર કરવા પર્યાવરણવિદોએ માંગ ઉઠાવી છે.

પર્યાવરણ વિપ્ર તખુભાઈ સાંડસુર-ભાવનગર, બીપીનભાઈ જોશી અને મંગળુભાઈ ખુમાણ-અમરેલીની યાદી જણાવે છે કે બેબેસિયા નામના રોગે છેલ્લી સિંહ વસ્તી ૮૯૧ મુજબની આપણી એશિયાઈ સિંહોની વસ્તી પૈકીના ઘણાં બધાં સિંહોને ઝપેટમાં લીધાં છે. કેટલાક લોકોમાં એક પ્રકારનો સંદેહ પ્રવર્તિ રહ્યો છે કે કેટલી માત્રામાં સિંહના મૃત્યુ થયા છે, કેટલા સંક્રમિત છે અને કેટલા સંપૂર્ણ રોગમુક્ત છે. તેનો સરકારે સંપૂર્ણ અહેવાલ બનાવીને જાહેર કરવો જોઈએ. બેબસિયા રોગ ખૂબ ઘાતક રીતે શ્વાન કુળ અને બિલાડી કુળના પ્રાણીઓને આફત સાબિત થતો રહ્યો છે. ૨૦૨૬માં તાજેતરમાં થાઈલેન્ડમાં આવેલા આ પ્રકારનાં વાયરસથી લગભગ ૭૨ જેટલા વાઘોનાં મોત થયા હતાં. આફ્રિકા સહિતનાં કેટલાંક વન વિસ્તારોમાં પણ આ રોગ જયારે જયારે આવ્યો છે. ત્યારે બિલાડી કુળનાં પ્રાણીઓ માટે તે ખૂબ ઘાતક પુરવાર થયો છે. તેથી દર મહિને થતાં સિંહ પૂનમ અવલોકનમાં સિંહની ગણતરી કરવામાં આવે છે. હમણાં જ આ ગણતરીઓ પૂરી થઈ તો તેમાં કેટલા સિંહ આ રોગથી પ્રભાવિત હતાં. કેટલાનાં મૃત્યુ થયાં અને કેટલા સંપૂર્ણ સુરક્ષિત છે. તેનો એક સંપૂર્ણ અહેવાલ ગુજરાતના વન વિભાગે જાહેર કરવો જોઈએ.

# બાબરા : તાલુકા પંચાયતનાં પ્રમુખ તુષાર રામાણીની એડવોકેટ ગોઠડીયા સાથે શુભેચ્છા મુલાકાત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧

બાબરા શહેરમાં તાલુકા પંચાયતના નવ નિયુકત પ્રમુખ તુષારભાઈ રામાણીએ જાણીતા રેવેન્યુ એડવોકેટ જીતેન્દ્રભાઈ ગોઠડીયાની ઓફિસ ખાતે સેજન્ય અને શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તાલુકાના વિકાસ, જનહિતના પ્રશ્નો તેમજ સ્થાનિક સ્તરે વિકાસલક્ષી કામગીરી અંગે હકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

પ્રસંગે એડવોકેટ જીતેન્દ્રભાઈ ગોઠડીયાએ તાજેતરમાં તાલુકા પંચાયત પ્રમુખ તરીકે જવાબદારી સંભાળનાર તુષારભાઈ રામાણીનું આગવું સ્વાગત અને સન્માન કરી તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે વિાસ વ્યકત કર્યો હતો કે યુવા અને શિક્ષિત નેતૃત્વ હેઠળ બાબરા તાલુકો વિકાસની નવી ઊંચાઈઓ સર કરશે તેમજ જનકલ્યાણના કાર્યોને વધુ વેગ મળશે.

તુષારભાઈ રામાણીએ પણ મળેલા સ્નેહ અને સન્માન બદલ આભાર વ્યકત કરી તાલુકાના સર્વાંગી વિકાસ, ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓના વિસ્તરણ તથા લોકોની અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો.

આ શુભેચ્છા મુલાકાત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી અને ઉપસ્થિત આગેવાનો તથા શુભેચ્છકોએ નવ નિયુકત પ્રમુખને તેમના કાર્યકાળ માટે શુભકામનાઓ પાઠવી હતી.

# રાજુલા ખાતે મોટીવેશનલ સ્પીકર ડો. અંકિતા મુલાણીનું વક્તવ્ય યોજાયું

અમરેલી, તા. ૧

રાજુલાનાં બાલકૃષ્ણ વિધ્યાપીઠ ખાતે ગુજરાતનાં પ્રથમ હરોળ નામોટીવેશનલ સ્પીકર ડો. અંકિતા મુલાણીનું "શિક્ષણ સાથે મૂલ્યોનું વાવેતર" વિષય પર વક્તવ્ય યોજાયુ હતું. નારાયણી સેના યુવા ગૃપ રાજુલા તથા આહિર એજયુ સમિતિનાં સહયોગથી આયોજીત આ કાર્યક્રમમાં વૃન્દાવન બાગ રામપરાનાં મહંત અને રાજેન્દ્ર દાસબાપુ તથા રામાપીરની જગ્યા ખાંભલીયાનાં મહંત બીજલ ભગતે દિપ પ્રાગટય કર્યુ હતું. ઉપસ્થિત મહેમાનોનાં સન્માન કરવામા આવ્યા હતા. આ કાર્યક્રમમાં આર્થિક અનુદાન બાલકૃષ્ણ વિધ્યાપીઠનાં ફાઉન્ડર જે. બી.ભાઈ લાખણોત્રા, જાણીતા શિક્ષણ વિદ ભગવાનભાઈ પીઠાભાઈ લાખણોત્રા તથા દુલાભાઈ ભગવાનભાઈ રામ તરફથી અપાયુ હતું. પાણીનાં દાત તરીકે દુલાભાઈ વાવડીયા તેમજ બેનર અને લાઈવ ટેલીકાસ્ટનાં દાતા તરીકે કે.જી. સ્ટુડીઓ રાજુલાએ વ્યવસ્થા કરી હતી.

ડો. અંકિતા મુલાણીએ હાજર સ્કુલનાં વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓ તથા વાલીઓ, સમાજ શ્રેષ્ઠીઓ, નગરજનોને મોટીવેટ કરતા જણાવ્યુ હતુ કે, સાંપ્રત સમયમાં શિક્ષણની સાથે સાથે જીવન મૂલ્યો પણ જરૂરી છે. યુવાન યુવકોમા સદાચાર, ભાઈચારો, નમ્રતા, સરળતા, ઉદારતા, સમય પાલન, શિસ્ત, વિનય, વિવેક, વડીલો, કુટુંબીજનો પ્રત્યે સ્નેહ પુર્ણ વ્યવહાર, સ્ત્રીઓ પ્રત્યે મર્યાદા પુર્ણવ્યવહાર, માતા, પિતા, શિક્ષક, ગુરૂ પ્રત્યે આદર ભાવ સહિતનાં ગુણો યુવક યુવતીઓમા નિરૂપાય જે તેમણે ભારતના અને વિશ્વનાં ટોચના સફળ રાજ પુરૂષો, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો, કલાકારો, રમતવિરો, કવિઓ, લેખકોના જીવનનાં પ્રસંગો રજુ કરીને ગ્રામીણ સંસ્કૃતિ, ધર્મભાવના, રાષ્ટ્ર પ્રેમ, પોતાની જ્ઞાતિ અને દેશ પ્રત્યેનુ ઋણ હંમેશા યાદ રાખવા જણાવ્યુ હતુ ને હાજર શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા હતા. આથી પણ સુધીનાં અંગ્રેજી મૂલ્ય દર્શક શબ્દોનો ઉપયોગ કરી ને તે દરેક મૂલ્યોને જીવન વ્યવહારમાં વાવેતર કરવા જણાવ્યુ હતું. ડો. અંકિતા મુલાણીનો વાણી પ્રવાહ એટલો સમજવામા સરળ હતો કે ભાવકો પ્રભાવિત થયા હતા.

આ કાર્યક્રમમાં નારાયણી સેનાનાં પ્રમુખ ગાંડાભાઈ લાખણોત્રા, રાજુલાનાં કવિ શશિભાઈ રાજયગુરૂ "હેમાળી", સંઘવી હાઈસ્કૂલ પ્રિન્સીપાલ, જે. એમ. વાઘ, બાપાસીતારામ કોલેજ પ્રિન્સીપાલ અરૂણભાઈ દેશપાંડે, બાલકૃષ્ણ વિધ્યાપીઠનાં ડાયરેકટર સાદુળભાઈ લાખણોત્રા, પ્રિન્સીપાલ રામ, ઘનશ્યમભાઈ વાઘ, નગરપાલિકા ઉપ પ્રમુખ, નાગભાઈ વણજર, આતુભાઈ વાઘ, સુરેશભાઈ રામ, ભોળાભાઈ વાઘ કથીવદર સહિત વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ વાલીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ચીરાગભાઈ વાવડીયાએ કર્યુ હતું. કાર્યક્રમ પુર્ણ થયા પછી અંકિતા મુલાણીએ રાજુલાનાં કવિ શશિભાઈ રાજયગુરૂની શુભેચ્છા મુલાકાત લઈ અને ગીત ગઝલ, અને સાહિત્યિક ચર્ચાઓ કરી હતી. સાહિત્યિક ચર્ચામાં સાહિત્યકાર શૈલેષ વાઘેલા, જોડાયા હતા.

# સાવરકુંડલાનાં સામાજિક અગ્રણી અને પત્રકાર ઈકબાલ ગોરીનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૧

સાવરકુંડલાનું પાણી પીને અમરેલી જિલ્લામાં પત્રકારત્વ જગતમાં કાઠું કાઢનાર શહેરનાં વરિષ્ઠ પત્રકાર ઈકબાલભાઈ ગોરીનો આજે જન્મદિવસ છે. ખૂબ જ પ્રામાણિક, સૌમ્ય અને મિલનસાર વ્યકિતત્વ ધરાવતા ઈકબાલ ગોરીએ પોતાના સમગ્ર જીવન દરમિયાન હંમેશા સત્યને અગ્રતા આપી છે. પોતાના જીવનકાળમાં કદી પણ અસત્યનો પક્ષ લીધો નથી. પોતે સ્વયં સત્યના આગ્રહી હોય સમાજમાં પણ એક પ્રતિષ્ઠાભર્યુ સ્થાન ધરાવે છે. ખોટું કરવું નહીં અને ખોટું ચાલવા દેવું નહીં એ તેમના જીવનનો જાણે મુદ્રાલેખ હોય તેમ પૂરી ઈમાનદારી અને મહેનતથી પોતાનું જીવન વ્યતીત કરતાં ઈકબાલ ગોરી સાવરકુંડલા પત્રકાર સંઘના પ્રમુખ તરીકે સેવારત છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માઈનોરેટી ડિપાર્ટમેન્ટનાં મહામંત્રીનું મોભાભર્યુ સ્થાન ધરાવે છે.

મેડિક્લેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ

આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ

કાર્યરત વિભાગો

| | | |
|---|---|---|
| યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ) | ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ) | મેડીસીન વિભાગ (ફિઝિશિયન) |
| બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ) | આંખ વિભાગ | ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા) |
| ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા) | જનરલ સર્જરી વિભાગ | ડાયાલિસીસ વિભાગ |
| લેબોરેટરી વિભાગ | આયુર્વેદ વિભાગ | ફિઝીયોથેરાપી વિભાગ |

24/7 Emergency Services

GUVNL

NABH

PM-JAY

NETRA CHIKITSA TRUST
MULTISPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૧૨૦/૨૩૩૯૯૯

એપોઈન્ટમેન્ટ માટે 99789 66629


## જી.પી. ચેરિટેબલ ટ્રસ્ટનાં સંચાલક ગોપાલભાઈ વસ્તરપરા અને ગ્રામજનો દ્વારા

# મેરા ગાઁવ મેરા દેશ : ચમારડીમાં રીવરફ્રન્ટ બનાવવાનો ધમધમાટ

**રીવર ફ્રન્ટની મધ્યમાં એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૨૦ ફૂટ ઊંચી પ્રતિમા પણ લગાવાશે**

**અંદાજિત અઢી કિ.મી.ની નદીને ૧૦થી ૪૦ ફૂટ ઊંડી કરવા માટે જેસીબી સહિતનાં ૩૦ વાહનોનો ધમધમાટ**

**વૃધ્ધ નાગરિકોનાં બેસવા તેમજ બાળકો માટે રમતગમતનાં સાધનો પણ લગાવાશે**

**આગામી ૧૫ દિવસમાં કામગીરી પૂર્ણ કરીને લોકાર્પણ કરી દેવાશે**



અમરેલી, તા. ૧

બાબરાનાં ગાગર જેવડા ચમારડી ગામે જી.પી. વસ્તરપરા ચેરિટેબલ ટ્રસ્ટનાં પ્રમુખ અને ભામાશા ગોપાલભાઈ વસ્તરપરા અને સમસ્ત ગ્રામજનો દ્વારા ઠેબી નદીનો પ્રારંભ થાય છે તે ચરખા માર્ગથી લઈને બાબરા–ગોંડલ હાઈવે સુધી અઢી કિ.મી.નાં નદીનાં પટ્ટમાં રીવર ફ્રન્ટની કામગીરી શરૂ કરવામાં આવી છે અને આગામી ૧૫ દિવસમાં કામગીરી પૂર્ણ કરી દેવાશે.

ઠેબી નદીનાં પટ્ટમાં ૧૦થી લઈને ૪૦ ફૂટની ઊંડાઈ કરવામાં આવી રહી છે અને વધુમાં વધુ ૨૫ ફૂટ સુધી પાણી ભરવામાં આવશે અને રીવરફ્રન્ટની મધ્યમાં એકતાનાં પ્રતિક સરદાર પટેલની ૨૦ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવામાં આવી છે.

છેલ્લા ૩ મહિનાથી ૫ હિટાચી મશીન, ૬ આઈવા મશીન, ૭ જેસીબી અને ૧૦ થી વધુ ટ્રેકટરની મદદથી ગોપાલભાઈ વસ્તરપરાનાં નેતૃત્વમાં સમસ્ત ગ્રામજનો ધ્વારા દિવસ–રાત કામગીરીનો ધમધમાટ શરૂ થયો છે.

રીવર ફ્રન્ટ બનવાથી આજુબાજુનાં ૧ થી ૨ કિ.મી. સુધીનાં વિસ્તારમાં પાણનાં તળ ઊંચા આવશે જેથી, ખેતી અને પીવાના પાણીમાં રાહત થશે.

તદુઉપરાંત, રીવર ફ્રન્ટ ઉપર વૃધ્ધ નાગરિકો માટે બેસવાની અને બાળકો માટે રમતગમતનાં સાધનો લગાવવામાં આવી રહ્યા છે. સમગ્ર જિલ્લામાં કયાંય ન હોય તેવો રીવરફ્રન્ટ બની જશે.

આ અંગે ગોપાલભાઈ વસ્તરપરાએ જાહેર નિવેદનમાં જણાવ્યું કે જે ગામમાંથી નદી પસાર થતી હોય તે તમામ ગામોમાં રીવરફ્રન્ટ બનાવવામાં આવે તો પાણીની સમસ્યા દૂર થશે. ગ્રામજનોને ફરવાલાયક સ્થળની સુવિધા મળી જશે અને ગામની સુંદરતા વધવાથી ખરા અર્થમાં ગામડાઓ ગોકુળિયા બની જશે.

## યુવરાજસિંહ દાદુભા જાડેજા નામના

# અમરેલી નાગરિક સહકારી બેન્કનાં બાકીદારને ચેક રીટર્ન કેસમાં ૧ વર્ષની સજા

**પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાનાં માર્ગદર્શન હેઠળ રીકવરી અધિકારી નાકરાણીએ કોર્ટમાં અરજી કરેલ**

અમરેલી, તા. ૧

અમરેલી બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેક રીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે અમરેલી નાગરીક સહકારી બેંક લી. અમરેલી આગળ વધી રહી છે. યુવરાજસિંહ દાદુભા જાડેજા રે. જેશીંગપરા, ગાવડકા ધારી રોડ, સંઘરાજકાના કારખાનુ, અમરેલી પાસે બેંકની કાયદેસરની રકમ બાકી હોય જે પેટે તેઓએ તેમના ખાતનો ચેક આપતા તે ચેક તેમના ખાતામાં અપૂતરતું ફંડ હોવાના કારણે ચેક રીર્ટન થતા કાયદાકીય જોગવાઈ

અનુસંધાન પાના ૬ ઉપર


શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૯૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫



૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,42,900/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૦૧/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)